પ્રસ્તાવના :–

ભારત દેશ એ ગામડાઓનો દેશ છે. ભારતમાં કુલ વસ્તીના ૮૩ % લોકો ગામડામાં વસે છે.૧ જે મોટાભાગે ખેતી પર નિર્ભર છે.આપણી ખેતી મોટાભાગે વરસાદ આધારિત છે અને આવા સંજોગોમાં ખેતી નિષ્ફળ જવાની સંભાવના રહેલી છે વરસાદી ખેતીના કારણે ભારતના ગ્રામીણ વિસ્તારમાં અનેક સમસ્યાઓ જોવા મળે છે જેવી કે ગરીબી, બેકારી,આવકની અસમાનતા વગેરે દેશના વિકાસ માટે ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે જેથી ગ્રામ્ય ગરીબી દુર થાય અને લોકોને રોજગારી મળી રહે.

ગ્રામ્ય વિસ્તારના વિકાસની વાત કરીએ તો ગ્રામ્ય ગરીબોના વિકાસ કરવાની પ્રક્રિયા ખૂબ જ જટીલ છે કારણ કે ગ્રામીણ લોકો ઘણી અસમર્થતા /અપૂર્તતામાંથી પસાર થતા હોય છે. બીજી બાજું તેઓમાં આર્થિક તથા શારિરીક અસર્મથતા અને જાગૃતતાની ઉણપ જોવા મળે છે. ખાસ કરીને આ ઉણપ વધારે મહિલાઓના કિસ્સામાં દ્રશ્યમાન થાય છે જેથી તેમનો વિકાસ કરવો પડકારરૂપ છે.

આપણા દેશમાં લગભગ ૫૦% વસ્તી મહિલાઓની છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તી ૧,૨૧,૦૧,૮૩,૪૨૨ કરોડ છે જેમાં,મહિલાઓની સંખ્યા ૫૮,૬૪,૬૯,૧૭૪ (૪૮.૪૬%) છે.૨

ભારત એ પુરૂષપ્રધાન દેશ છે જેમાં આજે પણ મોટાભાગના વિસ્તારમાં સ્ત્રીઓએ માત્ર કુંટુંબના કાર્યો તથા ઘરકામ કરવું જોઈએ એવું મનાય છે. આજે પણ ઘણી મહિલાઓ આર્થિક–સામાજીક, રાજકીય રીતે પછાત છે એટલે કે આર્થિક રીતે પગભર નથી.સમાજમાં તે પોતાના પ્રશ્નો જણાવી શકતી નથી.કુંટુંબના નિર્ણયમાં ભાગીદારી નથી તથા મહિલાઓ રૂઢિચુસ્ત સમાજમાં જુના રીતિરિવાજો ને આધીન જીવન જીવે છે. બીજી તરફ મહિલાનો એક સમુહ એવો છે જે વિવિધ ક્ષેત્રોમાં આગળ આવી રહયો છે અને પુરૂષ સમકક્ષ બની રહયો છે પરતું આવી મહિલાઓની સંખ્યા ખૂબ જ ઓછી છે એમાંય ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ તો ઘણી જ પાછળ છે તેમણે ઘણું મેળવવાનું બાકી છે.આપણા સમાજમાં જોવા મળતા સ્તરીકરણના કારણે મહિલા અને પુરૂષની ભૂમિકા નિયત થયેલી જોવા મળે છે જેમાં સાર્વત્રિક પુરૂષનું વર્ચસ્વ અને સત્તા જોવા મળે છે અને એના કારણે અનેકવિધ સમસ્યાઓ સર્જાય છે. જેમાં,સ્ત્રીઓ એટલે માત્ર કુંટુંબના સભ્યોના કાર્યો કરે, ખોરાકની વ્યવસ્થા કરે અને કુંટુંબના સભ્યોનું લાલનપાલન કરે એ બાબતોને જ પ્રાધાન્ય અપાય છે.ગ્રામીણ વિસ્તારની મહિલાઓનો મોટાભાગનો સમય ઘરકામ અને બાળકોની સારસંભાળ તેમજ અન્ય કામો જેવા કે ખેતી,પશુપાલન વગેરે કામો કરવામાં જાય છે જેથી તેને પોતાના કે બાળકોના શિક્ષણ,આરોગ્ય, તેમજ પોતાના હકો અંગે વિચાર કરવા માટે સમય નથી મળતો નથી. આ મહિલાઓ પર ઘરકામ ઉપરાંત ખેતી અને પશુપાલન જેવી

---

૧. Censusindia.gov.in/2011-prov-result/paper2/data-files/india/Rural_Urban_2011.pdf
૨. Censusindia.gov.in/2011-prov-results/indiaatglance.html?drpQuick=&drpQuickSelect=&q=total+population..

બેવડી કામગીરીનો બોજ પણ લદાયેલો હોય છે, જેથી તે પોતાના હક, આરોગ્ય,શિક્ષણ અંગે જાગૃત નથી આવા કિસ્સામાં તેમનો વિકાસ કરવો એ ખૂબ જ જરૂરી છે પણ અઘરો છે

ગુજરાતની સ્થિતિમાં મહિલાની પરિસ્થિતિનું વિહંગાવલોકન કરતા જણાશે કે હજી આ દિશામાં ઘણું કરવાનું બાકી છે. સામાજિક સ્થિતિમાં પણ મહિલાઓની કૌટુમ્બિક કે સામાજિક પ્રશ્નોના નિરાકરણની ભુમિકા સિમીત છે તો ગામના પ્રશ્નો અને ગામની આર્થિક સધ્ધરતા માટે મહિલાનો અવાજ કેટલો હોઈ શકે? જયારે કુલ વસ્તીના લગભગ ૫૦% મહિલાઓ હોવા છતા તમામ સ્તરોમાં તેઓની ભુમિકા સબળ બનાવવા તથા મહિલા સશકિતકરણ કરવા સરકાર દ્વારા અનેક યોજનાઓનું અમલીકરણ કરાવવુ જરૂરી બન્યુ છે. આદિવાસી તેમજ ગરીબ વિસ્તારની મહિલાઓ પર કુંટુંબનો તથા આર્થિક ઉપૉજનનો એમ બન્ને પ્રકારનો બોજ લદાયેલો હોય છે.

થાપલીયલ અને શાસ્ત્રી (૧૯૯૫), મહિલાઓ રાષ્ટ્રનું,સમાજનું અને કુંટુંબનું અવિભાજય અંગ છે. આપણે બધા જાણીએ છીએ કે મહિલાઓનો અર્થૅકરણમાં અને કુંટુંબમાં મહત્વનો ફાળો રહેલ છે. આ ઉપરાંત મહિલાઓનું પશુપાલન, વનીકરણ,મત્સ્ય ઉછેર,ખેતી વગેરે પ્રવૃત્તિમાં ખૂબ જ મહત્વનું યોગદાન રહેલું છે.આપણે ભારતને પ્રગતિશીલ બનાવવું હોય તો તમામ ક્ષેત્રમાં મહિલાની ભાગીદારી ખૂબ જ મહત્વની છે.દેશના સર્વાગી વિકાસ માટે મહિલાનો વિકાસ કરવો એ પૂર્વૅશરત બની જાય છે.જો દેશને પ્રગતિશીલ બનાવવું હોય તો મહિલા વિકાસ ખૂબ જ જરૂરી છે.

મહિલા વિકાસમાં મુખ્યત્વે ત્રણ ઘટકો, સશકિતકરણ, સામાજિક વિકાસ અને આર્થિક વિકાસ જોવા મળે છે. આ ત્રણેય પરિબળો એકબીજા સાથે ગાઢ સંબંધ ધરાવે છે. એકનો વિકાસ એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બીજાને અસર કરે છે. મહિલા વિકાસની માટે કોઈ ટુંકી પધ્ધતિ કે તૈયાર ઉકેલ નથી પણ તેમની (સ્ત્રી સમુહ) સાથે મળીને વિચાર–વિમર્શ કરીને આખા સમુહને ધ્યાનમાં લઈને વિકાસનું આયોજન કરવું જરૂરી છે.૩

ભારતીય બંધારણમાં મહિલાઓને વિશેષ હકો તેમજ તેમને લાભકર્તા કાયદા ઘડવામાં આવેલ છે. આ ઉપરાંત દરેક પંચવર્ષીય યોજનાઓમાં પણ મહિલા વિકાસને મહત્વ આપવામાં આવ્યું છે. મહિલા વિકાસના સંદૅર્ભે વિવિધ પંચવર્ષીય યોજનાઓના અમલીકરણ દરમ્યાન બે મુખ્ય બાબતો ધ્યાનમાં આવી છે.

(૧) આર્થિક સ્વાંવલંબન અને (૨) સામાજિક ભાગીદારી.

ગ્રામીણ ગરીબોના આર્થિૅક સ્વાવલંબન માટે છેલ્લા એક દાયકાથી લઘુધિરાણનું મહત્વ વધ્યું છે. અમેરિકાની રાજધાની Washington DC ૧૯૯૭ માં Micro Credit અંગેની પરિષદ યોજાઈ હતી. ત્યારબાદના તાજેતરના વર્ષોમાં વિશ્વમાં ગરીબોના પણ સૌથી ગરીબ તેવા કુંટુંબોને સૌથી અસરકારક રીતે લઘુધિરાણ પુરૂ પાડવા માટે એક ચોકકસ પ્રયત્ન શરૂ કર્યો છે. ૧૯૯૫ માં જયારે શિખર પરિષદની પૂર્વતૈયારી રૂપે સભા મળી ત્યારે તે વખતના USA ના પ્રમુખના પત્ની હેલરી કિલંટને

જણાવ્યું હતું કે લઘુ સાહસો વિકાસનું હાર્દ છે કારણકે આ સાહસો ગરીબ કુંટુંબોને ગરીબીમાંથી બહાર કાઢે છે.[૪]

બાગ્લાદેશના પ્રો. મહમદ યુનુઝ લઘુધિરાણ અને સ્વાશ્રય જુથની ચળવળના પ્રણેતા હતા અને આ ચળવળ શરૂ કરનાર એક નવું વિચાર બીજ આપનાર અને પ્રતિબધ્ધતાથી કામ કરનાર તરીકેનું શ્રેય પ્રાપ્ત કરેલ છે. આ કામગીરી કરવા બદલ તેમને વર્ષ ૨૦૦૬ નોબેલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવેલ છે.

ઈન્દુકુમાર જાની (૨૦૦૦), તમામ મનુષ્યોમાં મુળભુત રીતે કોઈને કોઈ કુશળતા હોય છે. ગરીબોમાં પોતાના અસ્તિત્વ ટકાવી રાખવાની શકિત કયાંથી આવી? ગરીબો સંઘર્ષ કરીને પણ જીવે છે તે એ હકીકતની સ્પષ્ટ સાબિતી છે કે તેઓ ક્ષમતા ધરાવે છે પરંતું એમને તેમની કૌશલ્ય દાખવાની તક મળતી નથી. આ માટે થોડી મુડી જોઈએ એ એમને ઉપલબ્ધ થતી નથી એવી પ્રો. યુનુઝ દઢ માન્યતા હતી. તેઓ આ માટે બેંકનો સંપર્ક સાધ્યો ત્યાં એમને એવું જાણવા મળ્યું કે બેંકો તો અભણ લોકોની વિરોધી છે તેમજ બેંકના અધિકારી દ્વારા જાણવા મળ્યું કે ગરીબો ધિરાણપાત્રતા ધરાવતા નથી. છતાં તેમણે અગાધ પ્રયત્નો કરીને જનતા બેંકના કાયદાઓમાં ફેરફાર કરાવ્યા અને સૌપ્રથમવાર જોબરા ગામના ગરીબોને ડિસેમ્બર–૧૯૭૬ માં લોન મળી અને આ લોન માટે પ્રો. યુનુઝ વ્યકિતગત જામીનગીરી આપેલ હતી.

બાંગ્લાદેશ કૃષિ બેંકના મેનેજીંગ ડિરેકટર અનીસુઝમાન સાથે પ્રો.યુનુઝે, ઓકટોમ્બર–૧૯૭૭ જોબરા ગામનો અનુભવ જણાવ્યો અને અનીસુઝમાન ને એમણે દરખાસ્ત કરી કે કૃષિ બેંક એમને ૧૦ લાખ રૂપિયા એક વર્ષ માટે આપે તો તેને આધારે લઘુધિરાણ આપી શકાય. ત્યારપછીની લાંબી ચર્ચા બાદ આ દરખાસ્તનો સ્વીકાર થયો અલબત પ્રો.યુનુઝે જણાવ્યું કે કૃષિ બેંક તો ખેડૂતોને ધિરાણ કરે છે પરંતું તેઓ ખેડૂતોને બદલે ભૂમિહીન કંગાળોને સહાય કરશે એમાંથી એ બેંકનો પ્રયોગાત્મક ગ્રામીણ શાખાનો જન્મ થયો

લઘુધિરાણ આપવા માટે કુંટુંબના વડા તરીકે પુરૂષને સ્થાને મહિલાને પસંદ કરવામાં આવી. પ્રો. મોહમદ યુનુઝ ની સ્ત્રીઓની તરફદારી કરવાનું કારણ વિકાસલક્ષી છે એમણે જોયું કે બેંકોના દેણદારોમાં સ્ત્રીઓનું પ્રમાણ ૧% કરતા ઓછું હતું ખરેખર તે સ્ત્રીને આપવામાં આવેલું ધિરાણ પુરૂષને અપાયેલ ધિરાણ કરતા ઝડપથી પરિવર્તન આણે છે.આ લઘુધિરાણની શરૂઆતમાં ૫ સ્ત્રીના જુથને તાલીમ અપાય છે.

આમ, બાંગ્લાદેશના ગરીબોને આ લાભ મળતા તેમની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થતો જણાયો જેની નોંધ વિવિધ દેશોએ લીધી. ભારત દેશે પણ તેની નોંધ પરથી ભારતની ગરીબ,અશિક્ષિત

---

૩. બી.કે.થાપલીયલ અને કે.આર.શાસ્ત્રી (૧૯૯૪), ઈકોનોમિક ડેવલપમેન્ટ ઓફ રૂરલ વુમન, પ્રોસિંડીગ ઓફ ધી પોલિસી વર્કશોપ, પ્રકાશન–નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ– NIRD હૈદરાબાદ

મહિલાઓને આ લાભ આપી કુટુંબની આર્થિક પરિસ્થિતિ ,સામાજિક પરિસ્થિતિ અને આરોગ્ય સુધરે તે હેતુથી સ્વસહાય જુથ અને લઘુધિરાણ ના કાર્યક્રમને સ્વીકર કરવામાં આવ્યો.૫

ભારતમાં છેલ્લા એક દાયકા દરમ્યાન લઘુધિરાણ અને સ્વાશ્રય જુથને જોડીને ગરીબ વર્ગ ખાસ કરીને મહિલાઓને ગરીબીમાંથી ઉપર ઉઠાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. સંસ્થાકીય ધિરાણ અને બિનસંગઠિત ક્ષેત્રને જોડવાનો આ પ્રયોગ બાંગ્લાદેશ,ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ વગેરે અનેક દેશોમાં સારો એવો સફળ થયો છે.

ગામડામાં રહેતા અસંગઠિત લોકોને નાની રકમની જરૂરિયાત વારંવાર પડતી હોય છે જેના કારણે બેંકનો વ્યવહાર ખર્ચ તેમજ તેની જવાબદારી પણ વધે છે જેથી બેંક દ્વારા વ્યકિતને ધિરાણ આપવાના બદલે જુથને ધિરાણ આપવાની વાત શરૂ થઈ. અસંગઠિત ક્ષેત્રના લોકો ભેગા મળી જુથ બનાવી તેમને બેંક દ્વારા ધિરાણ આપવામાં આવે જેથી બેકનો ખર્ચ ઘટે અને જવાબદારી ઘટે. આમ, અસંગઠિત ક્ષેત્ર અને સંગઠિત ક્ષેત્રના ધિરાણ માળખાના સારા પાસા ભેગા કરી "લઘુધિરાણ" ની શરૂઆત કરી.

અત્યારસુધીની તમામ પંચવર્ષીય યોજનામાં મહિલા વિકાસ ઉપર ઘ્યાન અપાયું છે. ઉપરાંત ભારતીય બંધારણમાં પણ મહિલાઓને વિશેષ હકો મહિલા લક્ષી કાયદાઓ ઘડાયા છે. સરકાર દ્વારા પણ મહિલા વિકાસની અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. જેવી કે IRDP, TRYSEM, DWACRA, ICDS, STEP & Other State Govt. Prog. Gramya (Rural Women), Kalpa-Briksh, Vatsalya, Ayushmati, Jeevan Rekha વિગેરે આ ઉપરાંત ગ્રામ વિકાસની કેટલીક યોજનાઓ SGSY, SGRY, IAY, Watershed સ્વયંસિઘ્ધા– સ્વશકિત યોજના વગેરે પણ શરૂ કરવામાં આવી છે જેમાં મહિલા વિકાસને ખાસ મહત્વ અપાયું છે.

આમ, લઘુધિરાણનું મહત્વ વધતાં સ્વસહાય જુથોના જુદા જુદા મોડેલ જોવા મળેલ છે.

૧. સરકારી મોડેલ

૨. નાબાર્ડ મોડેલ

૩. સ્વૈચ્છિક સંસ્થા મોડેલ

ઉકત મોડેલ પૈકી સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સ્વસહાય જુથોની રચના કરવામાં આવે છે તે વધુ સફળ હોય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ માનવીય અભિગમથી કામ કરતી હોય છે, કામગીરી માટેનું કાર્યક્ષેત્ર પણ ખૂબ જ ઓછુ હોય છે, પૂરતો સ્ટાફ હોય છે તેમજ કોઈ લક્ષ્યાંક આધારિત કામ કરવાનું હોતું નથી જયારે સરકારી યોજનાઓ અંતર્ગત રચાનાર સ્વસહાય જુથો લક્ષ્યાંક આધારિત હોય છે તેમજ સ્ટાફ પણ ઓછો

---

૪. NABARD, Credit- Self Help Group, Bank Linkage Programme, Banker’s Hand Book.
૫. ઈન્દુકુમાર જાની, નયા માર્ગ (વંચીતોના વાણોતર), પાના નંબર –૭,૯ અને ૧૭ . તા.૦૧/૦૮/૨૦૦૦

જોવા મળે છે જેથી કામગીરી કેટલીકવાર ગુણવત્તા જળવાતી નથી અને માત્ર મોટી સંખ્યામાં સ્વસહાય જુથોની રચના થાય છે પરંતુ તે પૈકી આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ સ્વસહાય જુથો ખૂબ જ ઓછા જોવા મળે છે. આમ, સરકારી મોડેલમાં એટલે કે સરકારી યોજનાઓ અંતર્ગત રચાનાર સ્વસહાય જુથો કરતા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ જુથો વધુ સફળ હોય છે.

ગુજરાતમાં એસ.જી.એસ.વાય. યોજના અંર્તગત કુલ ૭૨,૨૬૯ જુથો (૦૧/૦૪/૯૯ થી ૬૮,૭૪૮ અને વર્ષ ૨૦૧૧–૧૨ માં ૩૫૨૧)ની રચના કરવામાં આવેલ છે જે પૈકી ૩૫,૬૧૮ સ્વસહાય જુથો (Defunct) બંધ છે તેમજ આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ જુથોની સંખ્યા ૩૪૭૪ છે.૬

જયારે સખીમંડળ યોજના (મિશન મંગલમ) અંર્તગત કુલ ૨,૦૦,૧૫૧ જુથોની રચના કરવામાં આવેલ છે જે પૈકી આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ જુથોની સંખ્યા ૪૬,૪૫૨ છે.[૭]

વર્ષ ૨૦૦૭–૦૮ દરમ્યાન એમ.ફિલના ભાગરૂપે "વોટરશેડ યોજના (સ્વસહાય જુથો) દ્વારા મહિલાઓના આર્થિક અને સામાજિક વિકાસ પર થયેલ અસરનો અભ્યાસ" ના વિષય પર લઘુશોધ નિબંધ રજુ કરેલ. સદર અભ્યાસ દરમ્યાન નવસારી અને વલસાડ જિલ્લાના વોરટશેડ સાથે સંકળાયેલ મહિલા સ્વસહાય જુથોનો અભ્યાસ કરેલ જેમા, નીચે મુજબના તારણો જાણવા મળેલ હતા.

૧. સ્વસહાય જુથો સાથે જોડાયા બાદ જે મહિલાઓ કયારેય બચત કરતી ન હતી તે મહિલાઓ બચત કરતી થઈ જેથી તેમને જરૂરીયાતના સમયે નીચા વ્યાજ દરે સરળતાથી જુથની બચતમાથી ધિરાણ સ્વરૂપે પૈસા મળી રહેતા તેઓને અન્ય કોઈ પાસે પૈસા માટે હાથ લંબાવવો પડતો નહી તેમજ અન્ય પાસેથી વ્યાજે પૈસા લેવાની જરૂર પડતા નથી.

૨. મહિલાઓ સ્વસહાય જુથોમાં જોડાયા બાદ તેઓની ઘરમાં માત્ર ગૃહીણી ન રહેતા આર્થિક ઉપાર્જન કરતી સભ્ય બની છે જેથી ઘરમાં આર્થિક રીતે મદદ કરતી હોવાથી ઘરમાં તેનું મહત્વ વધ્યુ છે તેમજ ઘરના મહત્વના નિર્ણયોમાં તેમની ભાગીદારી વધી છે વધુમાં તેઓ પોતાના અને બાળકો પાછળ વધુ ખર્ચ કરી શકે છે.

૩. મહિલાઓમાં શિક્ષણ, આરોગ્ય, પોષણક્ષમ આહાર અને સ્વચ્છતા અંગેની જાગૃતતા વધી છે. તેઓ પોતાના બાળકોને શાળાએ મોકલતી થઈ છે ઉપરાંત બાળકોના પોષણક્ષમ આહાર અંગે સભાનતા વધી અને નિયમિત સરકાર તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી આરોગ્ય તપાસના કાર્યક્રમમાં ભાગ લેતી થઈ છે અને નિયમિત પોતાના અને બાળકોના આરોગ્યની તપાસ કરાવતી થઈ છે. વધુમાં મોટાભાગની મહિલાઓ જુથમાં જોડાયા બાદ પોતાની સહી કરતા શીખી છે.

૪. જુથમાં જોડાવવાથી મહિલાઓ હવે જુથની ચર્ચા દરમ્યાન મિટીંગ, ગ્રામસભા તેમજ ગ્રામ્ય કક્ષાએ થતી અન્ય મિટીંગોમાં ભાગ લેતી તેમજ પોતાના વિચારો/પ્રશ્નો રજુ કરતી થઈ છે.

[૭] . http://ruraldev.gujarat.gov.in/pdf/stasticData/missionManglam.november2011.pdf

૫. સ્વસહાય જુથોની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓને આર્થિક રીતે સ્વનિર્ભર કરવાનો છે પરંતુ અભ્યાસ દરમ્યાન જાણવા મળેલ કે મોટાભાગેના જુથો લગભગ (લગભગ ૮૦ થી ૯૦%) સિઝનલ પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે જેથી આર્થિક પ્રવૃત્તિ દ્વારા થતી આવકમાં સાતત્યતા જળવાતી નથી તેમજ તેમની આવકની સભ્યદીઠ માસિક આવકની ગણતરી કરતાં આ આવક ખૂબ જ ઓછી જોવા મળેલ છે. આર્થિક પ્રવૃત્તિ પ્રવૃત્તિ નક્કી કરતા સમયે સભ્યોની કુશળતા–આવડત, કાચામાલની ઉપલબ્ધતા, બજાર તેમજ નફાકારકતા વિગેરે બાબતોનું વિશેષ ધ્યાન રાખવામાં આવેલ નહી.

અભ્યાસ શરૂ કરતા પહેલા જાણવા મળેલ માહિતી મુજબ જિલ્લાના મોટાભાગના જુથો (૬૦ થી ૭૦%) જુથ રચનાના ૨ થી ૫ વર્ષ બાદ બંધ થઈ ગયેલ હતા. અભ્યાસ હેઠળ પસંદ કરાયેલ જુથો પૈકી ૧૦૦% આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ હતા પરંતુ, ૨૦% જુથોને કાચામાલ, વેચાણ વિગેરે સમસ્યાને કારણે આર્થિક પ્રવૃત્તિ બંધ કરી હતી અને માત્ર બચત ધિરાણની પ્રવૃત્તિ સાથે જોડાયેલ હતા આ તમામ જુથો સ્વૈચ્છિક સંસ્થા પર નિર્ભર હતા જયાંસુધી સંસ્થા તેમને કાચોમાલ પુરો પાડતી હતી અને વેચાણમાં મદદ કરતી હતી ત્યાંસુધી આ જુથો આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ હતા. જયારે ૮૦% જુથો આર્થિક પ્રવૃત્તિ કરે છે પરંતુ અગાઉ દર્શાવ્યા મુજબ તેની આવક ખૂબ જ ઓછી છે અને તેઓ સિઝનલ પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે.

અભ્યાસમાં જાણવા મળેલ કે, સ્વસહાય જુથોના ઉદ્દેશો મુજબ મહિલાઓ બચત કરતી થઈ છે, મિટીગ/ગ્રામસભા/અન્ય મિટીગોમાં હાજરી આપતી થઈ છે તેમજ પોતાના વિચારો રજુ કરતી થઈ છે અને શિક્ષણ, આરોગ્ય અને સ્વચ્છતા અંગેની જાગૃતતા પણ વધી છે વધુમાં તેમના જીવનશૈલીમાં પણ સુધારો થયો છે. ટૂંકમાં એવું કહી શકાય કે, સ્વસહાય જુથો સાથે જોડાયા બાદ મહિલાઓનો આર્થિક–સામાજિક વિકાસ તેમજ જાગૃતતા વધી છે પરંતુ આર્થિક વિકાસ/ આર્થિક સ્વનિર્ભરતાની દ્રષ્ટિએ જોતા સ્વસહાય જુથનો હેતુ સંપૂર્ણ સિધ્ધ થયેલ નથી.

વધુમાં એમ.ફિલના અભ્યાસ દરમિયાન મળેલ માહિતી તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને સ્વૈચ્છિક સંસ્થાના અધિકારી/ કર્મચારીઓ પાસેથી મળેલ સ્વસહાય જુથો અંગેની માહિતી અને તેમની સાથે થયેલ ચર્ચા પરથી જાણવા મળેલ કે સરકારી યોજના નિશ્ચિત સમયગાળા માટેની હોય છે તેમજ સ્ટાફ પણ ઓછો હોય છે ઉપરાંત કામગીરી માટે લક્ષ્યાંક ફાળવવામાં આવતા હોય છે જેથી કર્મચારીઓ પર કામનો બોજ વધી જતો હોવાથી સ્વસહાય જુથો સાથે મુલાકાતની સાતત્યતા જળવાતી નથી જે જુથની સફળતા માટે ખૂબ જ જરૂરી છે. કામગીરીના બોજના કારણે જુથની રચના, બચત, મિટીગ, આંતરિક ધિરાણ, તાલીમ અને આર્થિક પ્રવૃત્તિ વિગેરે બાબતો પર પૂરતું ધ્યાન આપી શકતા નથી જેના કારણે પણ ઘણીવાર ધાર્યા પરિણામો મેળવી શકતા નથી.

જયારે વોટરશેડ યોજના અંતર્ગત સ્વસહાય જુથોને લગતી તમામ કામગીરી સ્વૈચ્છિક સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થા ૫ વર્ષ સુધી સ્વસહાય જુથો સાથે સતત સંપર્કમાં રહે છે. ઉપરાંત સ્વૈચ્છિક

સંસ્થાનું કાર્યક્ષેત્ર પણ મર્યાદિત હોય છે જેથી જુથો સાથે સતત મુલાકાત થતી રહે છે અને જુથના સભ્યો સાથે સરળતાથી વિશ્વાસ સંપાદન કરી શકે છે. સ્વૈચ્છિક સંસ્થા જુથની રચના થી આર્થિક પ્રવૃત્તિ અને ઉત્પાદિત વસ્તુના વેચાણ સુધીની જુથના સભ્યો સાથે રહેતી હોવાથી જુથની સભ્ય મહિલાઓનો કામ કરવાનો ઉત્સાહ જીવંત રહે છે જેથી અભ્યાસ દરમિયાન એવું જાણવા મળેલ કે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ જુથોમાં સફળતા/ધાર્યા પરિણામો મળેવવા સરળ બની રહે છે.૮

પ્રસ્તુત અભ્યાસમાં સરકારી મોડેલ અને સ્વૈચ્છિક સંસ્થાની કાર્યપધ્ધતિ/કાર્યપ્રણાલીમાં શું તફાવત છે? તેની સ્વસહાય જુથની સફળતા પર શું અસર થાય છે? તેમજ સ્વસહાય જુથોમાં જોડાવવાથી મહિલાઓના આર્થિક, સામાજિક વિકાસ પર થયુલ અસર તેમજ તેમનામાં શિક્ષણ,આરોગ્ય અને તેમના હકો પ્રત્યેની જાગૃતતા કેટલી વધી છે? તે જાણવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

સંબધિત સાહિત્યની સમીક્ષા

અલ્પા પરમાર અને રોશની શાહ (૨૦૧૦), મહિલાઓના સશકિતકરણ કરવા માટે તેમને જરૂરી હકો પુરા પાડવા જોઈએ ઉપરાંત એવું વાતાવરણ ઉભું કરવું જોઈએ કે તેમની ક્ષમતા/શકિતનો પૂરેપૂરો ઉપયોગ કરી તેમનો વિકાસ કરી શકાય.જો મહિલાઓનો વિકાસ કરવામાં આવે તો તે કુટુંબનો વિકાસ બની રહેશે અને કુટુંબનો વિકાસ એ ગામનો–રાજયનો અને અંતે રાષ્ટ્રનો વિકાસ બની રહેશે.

મહિલાઓનું સશકિતકરણ માટે તેમનો આર્થિક વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે જેથી પુરૂષો /અન્ય કોઈ પર નિર્ભર ન રહેતા સ્વનિર્ભર બને. સ્વસહાય જુથો દ્વારા મહિલાઓનો આર્થિક વિકાસ શકય બને છે જેના દ્વારા મહિલાઓ સ્વનિર્ભર બને અને તેમના આત્મ વિશ્વાસમાં વધારો થાય છે. પરંતુ મહિલાના સશકિતકરણ માટે મહિલાઓમાં શિક્ષિત હોવી પણ એટલી જ જરૂરી છે. મહિલાઓના વિકાસની પ્રક્રિયામાં સરકાર સરકાર ઉપરાંત પુરૂષોની ભાગીદારી અને સહકાર પણ એટલો જ જરૂરી છે. દરેક પુરૂષ પોતાની માતા, પત્ની, દીકરી કે બહેનને શિક્ષિત બનાવી તેમના સશકિતકરણમાં મદદરૂપ થઈ શકે છે. શિક્ષણએ મહિલાઓમાં આત્મવિશ્વાસ, કુશળતા/આવડત, નિર્ણય લેવાની ક્ષમતા, પોતાના વિકાસ/સ્વનિર્ભરતા અંગેની જાગૃતતા વિગેરેમાં વધારો કરે છે જેના દ્વારા એક નવા રાષ્ટ્રનું નિર્માણ કરી શકાય. મહિલાઓના સશકિતકરણમાં શિક્ષણ અને વોકેશનલ તાલીમ પણ ખૂબ જ જરૂરી છે. ૯

---

૮ વાડીઆ મયુરી(૨૦૦૯), વોટરશેડ (સ્વસહાય જુથ) દ્વારા મહિલાઓના આર્થિક –સામાજિક વિકાસ પર થયેલ અસરનો અભ્યાસ, એમ.ફિલ. લઘુશોધ નિંબધ (અપ્રકાશિત), વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, આણંદમાં તા.૨૬/૧૦/૨૦૧૦ ના રોજ યોજાયેલ સેમીનાર “ Empowering Women in India : Contribute Today.” માં રજુ કરેલ પેપર મુજબ

૯ અલ્પા પરમાર અને રોશની શાહ (૨૦૧૦), Women Empowerment through SHGs : The role of Education and Vocational Training,

અશોક ડી.ગૌર (૨૦૧૦), “When you educate a man, you educate an individual; when you educate a woman you educate a whole family.” Mac Iver

આપણા સમાજમાં પુરૂષ પ્રધાન છે. જેમાં પુરૂષોને વધારે મહત્વ આપવામાં આવે છે. સ્ત્રીઓ વિશે એવું માનવામાં આવે છે કે, સ્ત્રીઓને પોતાના કોઈ વિચારો હોતા નથી. સ્ત્રીઓને માત્ર ગુલામ/નોકર તેમજ સંભોગનું સાધન તરીકે ગણવામાં આવે છે. તેમની કામગીરી ઘરકામ, બાળકોનો ઉછેર પૂરતી મર્યાદિત ગણવામાં આવે છે. આઝાદી પછી પણ સ્ત્રઓની આજ પરિસ્થિતિ રહી છે. સ્ત્રીઓ કોઈપણ વહીવટી કામ કરવા અસમર્થ છે તેવુ માનવામાં આવે છે. મહિલા સશકિતકરણની વાત કરીએ તો, એ આજથી નહી પરંતુ પાછલા ઘણા વર્ષોથી ચાલી આવતી પ્રક્રિયા છે.

આજે મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વઘ્યુ છે તેમજ મહિલાઓ નોકરી/રોજગાર કરતી થઈ છે. છતાંપણ આજે મહિલાઓને શોષણનો ભોગ બનવું પડે છે. કેટલીકવાર અદ્રશ્ય માનવસર્જિત વિઘ્ન/સમસ્યાઓ મહિલાઓ માટે ઉભી કરવામાં આવતી હોય છે જેથી દરેક ક્ષેત્રમાં ખાસ કરીને વહીવટી કામમાં મહિલાઓને પુરૂષો જેટલું જ મહત્વ આપવાની દિશામાં કામ કરવાની જરૂર છે. ૧૦

અસ્મીતા એચ. ડેડાનીઆ (૨૦૧૦), મહાત્મા ગાંધીજીએ એકવાર કહયું હતુ કે, સ્ત્રીઓ એ ધીરજ, શાંતિ, દયા અને શકિતનું પ્રતીક છે એમાં કોઈ બે મત નથી. ધી. વર્લ્ડ ડેવલપમેન્ટ રીપોર્ટ – ૨૦૦૩ મુજબ સ્ત્રીઓને વિકાસનું મહત્વનું ચાલક બળ છે. જે દેશના અર્થતંત્રનાં વિકાસમાં મહત્વનો હિસ્સો ધરાવે છે. આજે વિકસતા દેશોમાં વિકાસની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારીનું મહત્વ વધી રહયું છે. આજે મહિલાઓ ઘરકામ, બાળકોની સારસંભાળ જેવા પરંપરાગત કામો ઉપરાંત આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ પણ કરતી થઈ છે. આજે એવું પણ કોઈપણ ક્ષેત્ર નથી જયાં મહિલાઓ પહોંચી ના હોય.

મહિલા વિકાસ અને રાષ્ટ્ર વિકાસએ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા છે. જયાંસુધી મહિલાઓનો આર્થિક–સામાજિક વિકાસ નહી થાય ત્યાં રાષ્ટ્ર વિકાસ સંભવ નથી. વિકસતા દેશોમાં અંર્થતંત્રમાં ખેતીનું ખૂબ જ મહત્વ રહેલ છે. ખાસ કરીને ભારતમાં પુરૂષો અને મહિલા બન્નેનો ખેતી તેમજ અર્થતંત્રમાં ખૂબ જ મહત્વની ભુમિકા રહેલી છે. ગ્રામીણ મહિલાઓનો ખેતી તેમજ ખેતી સંલગ્ન વ્યવસાયમાં ખૂબ જ મહત્વનો ફાળો રહેલ છે પરંતુ તેના નાંણાકીય વળતર અંગે કોઈ ગણરી કરવામાં આવતી નથી. રાષ્ટ્રના અંર્થતંત્રના વિકાસમાં મહિલાઓની ભાગીદારી વધારવા કે મહિલાઓના વિકાસ કરવા માટે સૌપ્રથમ મહિલાઓ શું કામ કરે છે? અને તેનો જે તે કામમાં ફાળો અર્થતંત્રના વિકાસને કઈ

---

૧૦ અશોક ડી.ગૌર (૨૦૧૦), Empowering Women – Problems and Obsticles,

૧૧. અસ્મીતા એચ. ડેડાનીઆ (૨૦૧૦), Women Empowerment in India: Milestone & Challenges in Globalised 21st Century.

રીતે અસર કરે છે? તે જાણવું ખૂબ જ જરૂરી છે. મહિલાઓને વિકાસમાં સંપૂર્ણ ભાગીદારીથી તેઓ પોતાને સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે પુરૂષની સમકક્ષ સમજતી થશે.૧૧

ગઢવાની દ્રૌપદી, સિંધી હેમા અને શાહ બીજલ (૨૦૧૦), સ્ત્રીઓ સમાજની સૌથી વધુ મહત્વ ધરાવતી મિલકત છે. તેઓ તમામ રીતે સરખામણમાં પુરૂષોની સમકક્ષ છે તેમજ પુરૂષ કરતા વધુ પૂર્ણતાવાદી (Perfectionlist) હોય છે. આજના સમયમાં મહિલાઓનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે તેમજ એ સમાજની ફરજ પણ છે. વૈદિક સમયમાં મહિલાઓને પુરૂષની સમકક્ષ ગણવામાં આવતી હતી પરંતુ સમય જતાં તેને પુરૂષની સમકક્ષ ન ગણતા તેને પુરૂષથી ઓછી સક્ષમ ગણવામાં આવે છે. કેટલાક અભ્યાસો બતાવે છે કે, મહિલાઓનું સશકિતકરણ કરવામાં આવે તો તેનો લાભ આખા કુટુંબ/સમાજને મળે છે. દુનિયાના ગરીબોમાં સૌથી મોટો હિસ્સો મહિલાઓનો છે. મોટાભાગની મહિલાઓ અશિક્ષિત છે. મહિલાઓ પોતાના કુટુંબી જરૂરીયાત પુરી કરવા બધી જવાબદારીઓ નિભાવે છે.

આપણે જાણીએ છીએ તે મુજબ ૧૯મી સદી પહેલા સ્ત્રીઓ ઘણી શરમાળ હતી તેમજ તેઓ ઘરની બહાર પણ નીકળવાની પણ પરવાનગી ન હતી. સ્ત્રીઓને નોકરી કરવાની છૂટ ન હતી ઉપરાંત સ્ત્રીઓની સંખ્યા પણ પુરૂષો કરતાં ઓછી હતી. તેઓ પોતાની સામાન્ય જરૂરીયાતો પણ પુરી કરી શકતી ન હતી.તેમની પાસે માત્ર જવાબદારીઓ જ હતી. તેઓ માત્ર ઘરના જ કામો કરતી હતી. અર્થતંત્રમાં તેની ભૂમિકા શૂન્ય હતી. અર્થતંત્ર માત્ર પુરૂષો જ સંભાળતા હતા. સ્ત્રીઓ માટે કોઈપણ ઉચ્ચ કક્ષાની તક ન હતી પરંતું, આજના આધુનિક સમયમાં પરિસ્થિતિ એકદમ બદલાય ગઈ છે. સ્ત્રીઓ સ્વાવલંબી અને સ્વતંત્ર બની છે. તેઓ પાતાની પસંદગીના ક્ષેત્રમાં જઈ શકે છે તેમ જ કામ કરી શકે છે. આપણે જાણીએ છીએ કે, હાલમાં શ્રીમતી પ્રતીભા પાટીલ આપણા આઝાદ ભારતના રાષ્ટ્રપતી છે અને એ સિવાય પણ ઘણી મહિલાઓ જુદા જુદા ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દાઓ સંભાળે છે. ૧૨

જૈન એલ (૨૦૧૦), સ્વસહાય જુથો એ કોઈપણ નબળા વર્ગના લોકોના વિકાસ માટે મહત્વનું સાધન છે. સરકાર, નાબાર્ડ, બેકો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયત્નોથી ટૂંક સમયમાં બેંક સાથે સ્વસહાય જુથોનું જોડણ વધ્યુ છે. પરંતુ મહિલા સશકિતકરણની વાત કરીએ તો આ જુથો તેનો હેતુ સિધ્ધ કરવા સફળ થયા નથી. સૌપ્રથમ મહિલા સશકિતકરણ એટલે મહિલાઓમાં આત્મવિશ્વાસ વધારવો જેથી તે પોતાના પ્રશ્નોનું નિરાકરણ પોતે કરી શકે તેમજ પૂરી સ્વતંત્રતાથી પોતાના નિર્ણયો લઈ શકે તે જાણવું ખૂબ જ જરૂરી છે જેથી તેઓ સમાજમાં પોતના ભૂમિકા સારી રીતે તેમજ સક્ષમતા પૂર્વકથી નિભાવી શકે.

---

૧૨ ગઢવાની દ્રૌપદી, સિંધી હેમા અને શાહ બીજલ (૨૦૧૦), Role of Women in Economic Policies and Programmes: Post Independences

તાજેતરની પરિસ્થિતિ એવી છે જયાં સ્વસહાય જુથો કેટલીક મર્યાદાઓનો સામનો કરી રહયા છે પરંતુ આપણે હતાશ થવાની જરૂર નથી. અહી એક આશા જન્મે છે કે સ્ત્રીઓના સશકિતકરણ સંદર્ભે અભિલાષા છેવઠે એક દીવો બીજા દીવાને પ્રજવલ્લિત કરે તેવી છે. આ પ્રક્રિયા સતત ચાલુ રહેશે અને મહિલાઓના આર્થિક વિકાસ માટે કામ કરશે. ૧૩

અર્પિતા અરોરા અને ગ્રીસમા પટેલ (૨૦૧૦), ભારતીય બંધારણમાં મહિલા અને પુરૂષોને સમાન હકો આપેલ છે પરંતું વાસ્તવિકતા એ છે કે આજે પણ મહિલાઓ રીતિ–રિવાજોના બંધનો વચ્ચે જીવે છે. છોકરીઓનું મહત્વ છોકરાઓ કરતાં ઓછું જોવા મળે છે. મહિલાઓના બાળ મૃત્યુદર દુનિયામાં સૌથી વધુ ભારતમાં જોવા મળે છે. ૪૦% થી વધુ મહિલાઓ શિક્ષિત છે તેઓ વાંચવામાં અસમર્થ છે. સંસદમાં પણ માત્ર ૬% મહિલાઓ જોવા મળે છે.

સામાજિક સ્થિતિ જોતા માલુમ પડશે કે, આજે મહિલા વિકાસનો વ્યાપ ગ્રામ્ય વિસ્તારમાં પણ વધ્યો છે. મહિલોઓના વિકાસ કરવો હોય તો તેમજ આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવું જરૂરી છે. જેના ભાગરૂપે સ્વસહાય જુથોનો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો છે જનો હેતુ માત્ર મહિલાઓના આર્થિક વિકાસ જ નહી પરંતુ સામાજિક વિકાસ તેમજ તેમનામાં રહેલી ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરવાનો છે.

આજેપણ દેશની સામાજિક પરિસ્થિતિ મહિલાઓની વિરૂઘ્ધ છે ખાસ કરીને ગામડાઓમાં, ગ્રામીણ વિસ્તારમાં પરિવર્તન આવી રહયું છે. આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગમાં મહિલાઓ સૌથી વધુ નબળા વર્ગમાં ગણાય છે. પોતાના, ઘર, સમાજ કે ગામના મહત્વના નિર્ણય લેવામાં તેમની ભાગીદારી શૂન્ય કે અગણ્ય છે. મહિલાઓએ હવે પડકારો તરફ પગલુ ભર્યુ છે તેમજ તેમના જીવનમાં પરિવર્તન આવી રહયું છે. દેશના વિકાસનો ખૂબ જ મહતવનો સમૃઘ્ઘ સ્ત્રોત મહિલાઓનો વિકાસ છે. દેશના વિકાસ માટે મહિલાઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવી ખૂબ જ જરૂરી છે જે સ્વસહાય જુથો દ્વારા શકય બને તેમ છે. સ્વસહાય જુથો દ્વારા મહિલાઓને આર્થિક વિકાસ જ નહી પરંતુ મહિલાઓમાં છુપાયેલી ક્ષમતાઓને પૂરેપૂરો ઉપયોગ સમાજના વિકાસ માટે કરવાનો છે.૧૪

કે. કલાધર (૨૦૧૪), લઘુધિરાણ એ આર્થિક સ્વાવલંબન અને ગરીબીના અંત માટે ખૂબ જ મહત્વનું સાધન છે અને સમગ્ર વિશ્વમાં લઘુધિરાણ કાર્યક્રમને ખૂબ જ સારી સફળતા મળેલ છે. જે અન્વયે ભારતીય પરિસ્થિતિને ઘ્યાનમાં લઈ આંતરરાષ્ટ્રીય લઘુધિરાણના તમામ પાસાઓનો સ્વીકાર કરી શકાય કે નહી? જે અંગે આ પેપરમાં જણાવવામાં આવેલ છે. ભારતમાં લઘુધિરાણ શબ્દને વિશાળ તેમજ ગ્રામીણ (અને સેમી અર્બન) પરિપ્રેક્ષમાં લેવામાં આવેલ છે. ગ્રામીણ લઘુધિરાણના ખ્યાલને ઘ્યાનમાં લીધા વિના નીચલા સ્તરના સશકિતકરણ માટે હાલના ધિરાણ ક્ષેત્રમાં સુધારા પર અત્યાર સુધી ઘ્યાન

---

૧૩ જૈન એલ An Impect Assessment of SHG Initiative and Capacity Building of Stakeholders Through Micro Finance Towards Women Empowerment in Rural India,

કેન્દ્રીત કરવામાં આવેલ છે. જેના કારણે,લઘુ ધિરાણ ક્ષેત્રે અસરકારક પરિણામો મેળવી શકાયા નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં લઘુધિરાણનું મહત્વ ખૂબ જ વધ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં બેંકીગ સીસ્ટમ માટે કેટલાક મહત્વના મુદ્દાઓ જેવા કે, લોન પોલીસી, લોન પ્રક્રિયા, પારદર્શિતા અંગેના નિયમો, બેકની કામગીરી અંગેનો સમયગાળો વિગેરેમાં સુધારો/નવીનીકરણ કરવાથી લઘુધિરાણએ ગ્રામીણ બેંકીગ સીસ્ટમ માટે ખૂબ જ મહત્વનું ચાલક બળ બની રહેશે. [૧૫]

જુગલ કિશોર મિશ્રા (૨૦૧૪), ભારતમાં જેન્ડર (લિંગ) એ મહિલા સશકિતકરણનો એક ચોકકસ ઘ્યેય છે. તે ભારતીય મહિલાઓમાં રહેલી સ્થાન અવમૂલ્યન કે સમાજમાં સમાન દરજ્જા વિગેરેની સમાન વહેચણીના અભાવને દુર કરવા છે. સામાજિક ચળવળમાં ઘણા સારા પ્રયત્નો છતાં, ભારતમાં મહિલા સશકિતકરણ એ માત્ર લિંગ આધારિત ચક્રવ્યુહમાંથી બહાર આવી શકી નથી. ભારતમાં સાચા અર્થમાં મહિલા સશકિતકરણ કરવું હોય તો, મહિલાઓએ પોતે જ પોતાને ઉપર ઉઠાવી સમાજના મુખ્ય પ્રવાહમાં આવવું પડશે જેથી, તેઓ મહિલા સશકિતકરણના ભારતીય પરંપરાગત માળખાને બદલી રૂઢી – રિવાજો વાળા સમાજની બહાર આવી શકે.

જયાંસુધી દરેક મહિલાઓ સમાજના મુખ્ય પ્રવાહમાં આવવા સક્ષમ ન બને, તેઓએ એક સમાન હેતું માટે સાથે મળીને કામ કરવું પડશે જે ભારતમાં મહિલા સશકિતકરણને સામાન્ય પરિભાષા રહી છે. જયારે, આ સિવાય મહિલાઓએ કેન્દ્રીય રાજકારણ સાથે સંકલન, જાહેર ખાનગી ભાગીદારી તેમજ નારીવાદ વિગેરે સાથે પણ જોડાવું પડશે. જયાંસુધી મહિલા સશકિતકરણ છે જે પર્યાવરણ જાળવણી (અધિકારીતા) થી અલગ નથી. તેઓએ વિશ્ર્વશાંતિ, પર્યાવરણ જાળવણી અને સામાજીક ગતિશીલતા (શોશ્યલ મોબીલીટી) જેવા કામો સાથે પણ જોડાવું જરૂરી છે. નહિતર તેઓ પોતે પોતાને સ્વપરાજય માટે લડતા જોઈ શકશે. [૧૬]

અભ્યાસનું મહત્વ :–

ગુજરાત રાજયમાં વિવિધ યોજના અંતર્ગત તેમજ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાનાર સ્વસહાય જુથો પાછળ સરકાર દ્વારા ઘણો ખર્ચ કરવામાં આવે છે. આ જુથો આર્થિક ઉપાર્જન કરતા થાય તે માટે અનેક તાલીમો આપવામાં આવે છે.

સામાન્ય રીતે સ્વૈચ્છિક સંસ્થા અને સરકારી કચેરીઓની કાર્યપઘ્ધતિ/કાર્યપ્રણાલી અને નિપૂણતા જુદી જુદી હોય છે તેમજ મોટાભાગના કિસ્સાઓમાં કાર્યપ્રણાલી અને નિપૂણતાઓ જુથોની રચના,

---

૧૪. અર્પિતા અરોરા અને ગ્રીસમા પટેલ (૨૦૧૦), Women and Self Help Group
૧૫. કે. કલાધર (૨૦૧૪), Microfinance in India
૧૬. જુગલ કિશોર મિશ્રા (૨૦૧૪), Empowerment of Women in India

સફળતા અને નિષ્ફળતાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરતી હોય છે. આવા સંજોગોમાં આ કાર્યપ્રણાલી અને નિપુણતાઓના કારણે જુથો સફળ થયેલ હોય તો તેનું અનુસરણ અન્ય જુથો માટે કરી શકાય તેમજ નિષ્ફળ ગયા હોય તો તે અંગેના કારણો જાણી શકાય.

આમ, સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા બહેનોના આવા સ્વસહાય જુથો પાછળ દરવર્ષે લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે જેથી બહેનો આર્થિક અને સામાજિક અને રાજકીય વિકાસ થાય તેમજ તેમના હકો પ્રત્યે જાગૃત બને. સરકાર દ્વારા થયેલ પ્રયત્નોથી યોજનાના મૂળભૂત હેતુઓ પરિપૂર્ણ થયા છે કે નહી તે જાણવું અગત્યનું છે. આમ, અભ્યાસમાં નકકી કરવામાં આવેલ પરિકલ્પના મુજબના એટલે કે અપેક્ષિત પરિણામો મળ્યા છે કે નહી? તેમજ જુથમાં જોડાવાથી બહેનોને કેટલા લાભ મળ્યા છે? તે જાણી શકાય. આ ઉપરાતં સરકારી મોડેલ તેમજ સવૈચ્છિક સંસ્થા મોડેલ અંતર્ગત કરવામાં આવતી અમલિકરણની સારી બાબતો અન્ય યોજનામાં પણ લાગુ પાડી શકાય તથા જો તેમા કોઈ ક્ષતિઓ જણાય તો દુર કરવા અંગેના નિતીવિષયક સુચનો કરી શકાય.

અભ્યાસના હેતુઓઃ–

સામાન્ય રીતે સ્વૈચ્છિક સંસ્થા અને સરકારી કચેરીઓની કાર્યપધ્ધતિ/કાર્યપ્રણાલી અને નિપૂણતા જુદી જુદી હોય છે તેમજ મોટાભાગના કિસ્સાઓમાં કાર્યપ્રણાલી અને નિપૂણતાઓ જુથોની રચના, સફળતા અને નિષ્ફળતાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરતી હોય છે. આવા સંજોગોમાં આ કાર્યપ્રણાલી અને નિપુણતાઓના કારણે જુથો સફળ થયેલ હોય તો તેનું અનુસરણ અન્ય જુથો માટે કરી શકાય તેમજ નિષ્ફળ ગયા હોય તો તે અંગેના કારણો જાણી શકાય.

આ અભ્યાસનો મૂળભૂત હેતુ સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા રચાયેલ સ્વસહાય જુથો પૈકી કયા સ્વસહાય જુથો વધુ સફળ છે તેમજ તે માટે જવાબદાર કારણો કયા છે તે જાણવું તેમજ

૧. સ્વસહાય જુથોની રચના થયા બાદ જુથને આર્થિક પ્રવૃત્તિ સુધી લઈ જવા કઈ બાબતો ધ્યાનમાં રાખવી.

૨. સ્વસહાય જુથોમાં જોડાવવાથી ગ્રામીણ મહિલાઓની આર્થિક સ્થિતિ, સામાજિક દરજજા પર થયેલ અસર.

૩. સ્વસહાય જુથોમાં જોડાયા બાદ ગ્રામીણ મહિલાઓની જાગૃતતામાં કેટલો વધારો થયો છે?

- શિક્ષણ અંગેની જાગૃતતા
- આરોગ્ય અને સ્વચ્છતા અંગેની જાગૃતતા
- પોતાના હકો પ્રત્યેની જાગૃતતા

૪. સ્વસહાય જુથોમાં જોડાવવાથી ગ્રામીણ મહિલાનું કેટલું સશકિતકરણ થયું છે?

- ➢ રાજકીય અને આર્થિક પ્રવૃત્તિમાં સમાન સહભાગીદારીની તક
- ➢ સામાજિક, આર્થિક, રાજકીય શોષણ તેમજ દુષ્કૃત્ય સામે રક્ષણ
- ➢ ઘરમાં તેમજ સમાજના મહત્ના નિર્ણયમાં તેની ભાગીદારી

તેનો અભ્યાસ કરવો.

અભ્યાસની મર્યાદા :–

- ➢ અભ્યાસ દરમિયાન મળનાર તારણો માત્ર સુરત જિલ્લાના પસંદ કરેલ જુથો પૂરતા જ મર્યાદિત રહેશે.
- ➢ અભ્યાસ હેઠળ પસંદ કરેલ જિલ્લા, સ્વૈચ્છિક સંસ્થા કે સ્વસહાય જુથો અંગે મળનાર તારણો માત્ર તેના પૂરતા જ મર્યાદિત રહેશે. આખા જિલ્લા, તમામ સ્વસહાય જુથો કે સ્વૈચ્છિક સંસ્થા માટે લાગુ પાડી શકાશે નહી.

સંશોધન પધ્ધત્તિ :–

પ્રસ્તુત અભ્યાસ માટે વર્ણનાત્મક સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે જેથી, સ્વસહાય જુથો અંગેના વિવિધ પાસાઓ અને સ્વસહાય જુથો સાથે જોડાયેલ ઉત્તરદાતાઓનું વિગતવાર વર્ણનાત્મક દ્વષ્ટિએ અભ્યાસ કરી શકાય.

નિદર્શની પસંદગી અને કદઃ–

સમગ્ર ભારત દેશમાં મહિલાઓના સશકિતકરણ માટે સરકારની વિવિધ યોજનાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ યોજનાઓ અમલિત છે તે પૈકી ઘણી યોજનાઓમાં મહિલાઓના સ્વસહાય જુથોની રચના કરી મહિલાઓને સ્વસહાય જુથો સાથે જોડીને તેમના આર્થિક અને સામાજિક વિકાસ થાય તે અંગેના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

પ્રસ્તુત અભ્યાસ કરવા માટે સંશોધકની ભૌતિક અને અન્ય મર્યાદાઓને ધ્યાનમાં રાખી સંપૂર્ણ રાજયનો અભ્યાસ શકય ન હોવાથી ફકત દક્ષિણ ગુજરાતના યુનિવર્સિટી વિસ્તારમાં મર્યાદિત રાખવાનું નકકી કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાત ના ૭ જિલ્લાઓ સુરત, તાપી, ભરૂચ, નર્મદા, ડાંગ, નવસારી અને વલસાડ પૈકી સુરત જિલ્લામાં પસંદગી કરવામાં આવેલ છે જેનું મુખ્ય કારણ આ જિલ્લામાં આદિવાસી તથા તમામ વર્ગની મહિલાઓનો સમાવેશ થાય છે જેથી અભ્યાસમાં તમામ સ્તરની જેવી કે, આદિવાસી, ગરીબ, મઘ્યમ વર્ગ વગેરેની વિગતો દ્વારા બહોળી અને સાચી સ્થિતિ જાણી શકાય વધુમાં, મેં આ જિલ્લામાં વોટરશેડ, એસ.જી.એસ.વાય. અને સખીમંડળ યોજના અંતર્ગત કામગીરી કરેલ છે તેમજ સરકારી યોજના અંતર્ગત થયેલ કામગીરી, સરકારી સંસ્થાની કાર્યપધ્ધતિ/કાર્યપ્રણાલી,

મર્યાદા તેમજ વિવિધ યોજના અંતર્ગત રચાયેલ સ્વસહાય જુથો અંગેની સારી જાણકારી અને સમજ ધરાવું છે તેમજ જિલ્લાથી પણ પરિચિત છે જેથી, આ જિલ્લામાં અભ્યાસ દ્વારા વધુ ઉંડાણપૂર્વકની માહિતી /સમજ મેળવી શકાય. આ ઉપરાંત અભ્યાસકર્તાની મર્યાદાઓ તેમજ અભ્યાસ માટેના મર્યાદિત સમયને ધ્યાનમાં રાખી આ જિલ્લાની પસંદગી કરવામાં આવેલ છે.

જિલ્લાની પસંદગી કર્યા બાદ સ્વસહાય જુથોની પસંદગી કરતા પહેલા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ જિલ્લામાં કામ કરતી જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી જિલ્લાના કુલ સ્વસહાય જુથોની યોજનાવાર અને તાલુકાવાર માહિતી મેળવવામાં આવી જેની, વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવેલ છે.

સ્વસહાય જુથોની વિગત દર્શાવતું કોષ્ટક :–

તાલુકાનું નામ	સ્વસહાય જુથોની વિગત (ડિસે.–૧૩ અંતિત)								
	સરકારી યોજના અંતર્ગત રચાયેલ જુથોની સંખ્યા			સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ જુથોની સંખ્યા					
	SGSY	સખી મંડળ	કુલ	આગાખાન (AKRSP)	બાયફ	એનાર્ડે ફાઉ.	દીપ ફાઉ.	મિશન સંસ્થા	કુલ
બારડોલી	૪૮૮	૯૪૪	૧૪૩૨	૦	૪	૦	૦	૦	૪
માંડવી	૭૨૮	૧૩૪૭	૨૦૭૫	૧૪૫	૪૩	૭	૦	૧૫	૨૧૦
મહુવા	૫૫૫	૧૧૯૧	૧૭૪૬	૦	૦	૯	૦	૦	૯
માંગરોળ	૬૭૫	૯૩૪	૧૬૦૯	૩૭	૦	૨૨	૯૮	૦	૧૫૭
ઓલપાડ	૪૭૮	૭૬૧	૧૨૩૯	૦	૦	૦	૦	૦	૦
પલસાણા	૩૦૮	૫૬૯	૮૭૭	૦	૦	૦	૦	૦	૦
ચોર્યાસી	૧૯૨	૫૬૭	૭૫૯	૦	૦	૦	૦	૦	૦
ઉમરપાડા	૬૧૦	૧૦૨૯	૧૬૩૯	૬૫	૧૦	૨૦	૦	૦	૯૫
કામરેજ	૪૦૭	૮૫૮	૧૨૬૫	૦	૦	૦	૦	૦	૦
કુલ	**૪૪૪૧**	**૮૨૦૦**	**૧૨૬૪૧**	**૨૪૭**	**૫૭**	**૫૮**	**૯૮**	**૧૫**	**૪૭૫**

ઉપરોકત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો અન્વયે, સુરત જિલ્લામાં વિવિધ યોજનાઓ અંતર્ગત રચાયેલ કુલ ૧૨,૪૬૧ સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ છે પરંતુ, ઉકત યોજનાઓ પૈકી એસ.જી.એસ.વાય. યોજના અંતર્ગત મહિલાઓ, પુરૂષ તેમજ મિશ્ર પ્રકારના સ્વસહાય જુથોની રચના કરવામાં આવેલ હતી પરંતુ આ યોજના વર્ષ ૨૦૧૦ થી બંધ થયેલ છે જેનું વિલીનીકરણ નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (NRLM) જેને ગુજરાત રાજયમાં મિશન મંગલમ તરીકે ઓળખવામાં આવે છે. વોટરશેડ યોજનામાં પાંચ "જ" (જન, જાનવર, જંગલ, જળ, જમીન) ના વિકાસને મહત્વ આપવામાં આવેલ છે જેમાં, તમામ મહિલા, પુરૂષો, જંગલ, જળ વિગેરે તમામના વિકાસને આવરી લેવામાં આવેલ છે. જયારે, સખીમંડળ યોજના ખાસ કરીને મહિલાઓના શશિકતકરણને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૦૭માં

શરૂ કરવામાં આવેલ હતી. આ યોજના અંતર્ગત મહિલાઓના સખીમંડળો (સ્વસહાય જુથો)ની રચના કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦થી સખીમંડળ યોજના બંધ કરવામાં આવેલ છે તેમજ આ યોજના અંતર્ગત રચાયેલ સખીમંડળોને મિશનમંગલમ યોજના (NRLM) હેઠળ આવરી લેવામાં આવેલ છે. અભ્યાસના હેતુઓ તેમજ સ્વસહાય જુથોની પસંદગીના માપદંડને ધ્યાનમાં રાખી સરકારી યોજનાઓ પૈકી સખીમંડળ યોજના અંતર્ગત રચાયેલ સ્વસહાય જુથો/સખીમંડળોનો અભ્યાસ કરવાનું નકકી કરવામાં આવેલ હતું.

તાલુકાની પસંદગી :–

પ્રસ્તુત અભ્યાસ અન્વયે પસંદ કરાયેલ સુરત જિલ્લો ૯ તાલુકાઓમાં વહેચાયેલ છે. જે પૈકીના ૪ તાલુકાઓ (ચોર્યાસી, કામરેજ, ઓલપાડ અને પલસાણા) જે સુરત શહેર વિસ્તારથી નજીક આવેલ છે તેમજ સિવાય અન્ય ૫ (પાંચ) ટ્રાયબલ તાલુકાઓ છે. જે પૈકી ૪ (ચાર) તાલુકાઓને અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

સરકારી યોજના તેમજ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ સ્વસહાય જુથોમાં સફળતા/નિષ્ફળતાનું પ્રમાણ, કારણો તેમજ નિષ્ફળતાના કારણો જાણી દૂર કરવાના સૂચનો કરી શકાય તે હેતુથી એવા તાલુકાઓની પસંદગી કરવાની હતી જયાં બન્ને પ્રકારના જુથો મળી રહે. જે અન્વયે સુરત જિલ્લાના ૯ તાલુકા પૈકી ૫ તાલુકાઓ એવા છે કે જયાં, બન્ને પ્રકારના સ્વસહાય જુથો મળી રહે પરંતુ ઉકત ૫ તાલુકા પૈકી બારડોલી તાલુકામાં સ્વૈચ્છિક સંસ્થાના જુથોની સંખ્યા ખૂબ જ ઓછી છે તેમજ આ તાલુકો અન્ય ૪(ચાર) તાલુકાઓ કરતા પ્રમાણમાં વિકસિત છે જેથી, જે પૈકીના ૪(ચાર) તાલુકાઓ (માંડવી, માંગરોળ, ઉમરપાડા, મહુવા) કે જયાં, આદિવાસીઓ તેમજ ગરીબ વર્ગના લોકોની વસ્તી મોટા પ્રમાણમાં જોવા મળે છે તેમજ અભ્યાસકર્તાની આર્થિક અને સમયની મર્યાદાને ધ્યાનમાં રાખી. પ્રસ્તુત અભ્યાસ માટે ૪(ચાર) તાલુકાઓની પસંદગી કરવામાં આવેલ છે.

સ્વસહાય જુથોની પસંદગી :–

જિલ્લાની પસંદગી કર્યા બાદ સ્વસહાય જુથોની પસંદગી કરવા અંગે નીચે દર્શાવેલ માપદંડોને ધ્યાનમાં રાખી તમામ સ્વૈચ્છિક સંસ્થા તેમજ તાલુકા પંચાયતની મુલાકાત સખીમંડળ યોજના અંતર્ગત રચાયેલ સ્વસહાય જુથો તેમજ આર્થિક પ્રર્વત્તિ સાથે જોડાયેલ જુથોની વિગત એકત્ર કરવામાં આવી હતી જેની વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે

સ્વસહાય જુથોની પસંદગીના માપદંડો :–

૧. સ્વસહાય જુથો મહિલાના હોવા જોઈએ.

૨. સ્વહાય જુથો ઓછામાં ઓછા ૨ વર્ષ જુના હોવા જોઈએ.

૩. સ્વસહાય જુથોની પસંદગી સરકારી યોજના અંતર્ગત રચાયેલ અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ હોવા જોઈએ.

૪. સ્વસહાય જુથો આર્થિક પ્રવૃત્તિ કરતા હોવા જોઈએ.

સ્વસહાય જુથોની વિગત દર્શાવતું કોષ્ટક :–

તાલુકાનું નામ	સ્વસહાય જુથો/સખી મંડળોની સંખ્યા										
	સરકારી યોજના અંતર્ગત રચાયેલ			સ્વૈચ્છિક સંસ્થા અંતર્ગત રચાયેલ							
	સખી મંડળ	આર્થિક પ્રવૃત્તિ કરતા જુથોની સંખ્યા	નિદર્શ ૧૦%.	આગાખાન (AKRSP)	બાયફ	એનાર્ડે ફાઉ.	દીપ ફાઉ.	કુલ	આર્થિક પ્રવૃત્તિ કરતા જુથોની સંખ્યા	નિદર્શ ૨૦%.	કુલ નિદર્શ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
બારડોલી	૯૪૪	૧૯૮	૨૦	૦	૪	૦	૦	૪	૪	૧	૨૧
માંડવી *	**૧૩૪૭**	**૨૫૫**	**૨૬**	**૧૪૫**	**૪૩**	**૭**	**૦**	**૧૯૫**	**૧૪૬**	**૨૯**	**૫૫**
મહુવા *	**૧૧૯૧**	**૨૫૦**	**૨૫**	**૦**	**૦**	**૯**	**૦**	**૯**	**૪**	**૧**	**૨૬**
માંગરોળ *	**૯૩૪**	**૩૧૭**	**૩૨**	**૩૭**	**૦**	**૨૨**	**૯૮**	**૧૫૭**	**૫૬**	**૧૧**	**૪૩**
ઓલપાડ	૭૬૧	૧૨૭	૧૩	૦	૦	૦	૦	૦	૦	૦	૧૩
પલસાણા	૫૬૯	૧૧૫	૧૨	૦	૦	૦	૦	૦	૦	૦	૧૨
ચોર્યાસી	૫૬૭	૧૦૫	૧૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧૧
ઉમરપાડા *	**૧૦૨૯**	**૧૯૮**	**૨૦**	**૬૫**	**૧૦**	**૨૦**	**૦**	**૯૫**	**૫૨**	**૧૦**	**૩૦**
કામરેજ	૮૫૮	૨૨૦	૨૨	૦	૦	૦	૦	૦	૦	૦	૨૨
કુલ	**૮૨૦૦**	**૧૭૮૫**	**૧૭૯**	**૨૪૭**	**૫૭**	**૫૮**	**૯૮**	**૪૬૦**	**૨૬૨**	**૫૨**	**૨૩૧**

*** – <u>અભ્યાસ હેઠળ પસંદ કરેલ તાલુકાઓ</u>**

ઉકત સ્વસહાય જુથોની વિગત દર્શાવતા કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર સુરત જિલ્લાના ૯ તાલુકાઓમાં સખીમંડળ યોજના અંતર્ગત કુલ ૮૨૦૦ સખીમડળોની રચના કરવામાં આવેલ છે જે પૈકી ૧૭૮૫ સખીમંડળો આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે જયારે, સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ૫ તાલુકાઓમાં કુલ ૪૬૦ સખીમંડળોની રચના કરવામાં આવેલ છે જે પૈકી ૨૬૨ જુથો આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે. અભ્યાસકર્તાની આર્થિક અને સમયની મર્યાદાને કારણે તમામ સ્વસહાય જુથો/સખીમંડળોનો અભ્યાસ શકય ન હોવાથી તેમજ સખીમંડળ યોજના તેમજ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ જુથોની સંખ્યાને ધ્યાનમાં રાખી સ્વસહાય જુથોની સંખ્યા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે અભ્યાસ હેઠળ પસંદ કરવામાં આવેલ ૪(ચાર) તાલુકાઓના આર્થિક પ્રવૃત્તિ સાથે જોડાયેલ સખીમંડળોના પૈકી ૧૦% જૂથો (૧૦૨ જુથો) તેમજ સ્વૈચ્છિક સંસ્થાના જૂથોના પૈકી ૨૦% જૂથોને (૫૨ જૂથો) અભ્યાસ હેઠળ આવરી લેવાનું નકકી કરવામાં આવેલ. જેની વિગતો નીચે મુજબ છે.

કુલ પસંદ કરેલ સ્વસહાય જુથોની સંખ્યા (માંડવી, મહુવા, માંગરોળ અને ઉમરપાડા):–

	સ્વસહાય જુથોની સંખ્યા	ઉત્તરદાતાની સંખ્યા	નોંધ
સખીમંડળ યોજના	૧૦૨	૨૦૪	પ્રતિ જુથ બે સભ્યોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે. જે પૈકી, ૧. જુથના પ્રમુખ/મંત્રી પૈકી કોઈપણ એક સભ્ય ૨. જુથના અન્ય એક સભ્યો પૈકી એક સભ્ય
સ્વૈચ્છિક સંસ્થા	પ૨	૧૦૪	
કુલ	**૧૫૪**	**૩૦૮**	

પ્રસ્તુત અભ્યાસમાં જિલ્લાઓ, તાલુકાઓ ને જુથોની પસંદગી, જુથોના સભ્યોની પસંદગી કરવામાં કોઈ પક્ષપાત કે પૂર્વગ્રહ રાખવામાં આવેલ નથી.

માહિતી એકત્રીકરણના સાધનો :–

અભ્યાસને અનુરૂપ પ્રાથમિક માહિતી મેળવવા જુથમાં જોડાયેલ બહેનોની રૂબરૂ મુલાકાત, જુથની પ્રવૃત્તિઓ તથા મિટીગોમાં હાજર રહી નિરીક્ષણ અને રૂબરૂ મુલકાત દરમ્યાન નકકી કરેલ પ્રશ્નાવલી પધ્ધત્તિનો ઉપયોગ કરવા અભ્યાસને અનુરૂપ અન્ય માહિતી મેળવવા તપાસ પધ્ધત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ગ્રંથાલય પધ્ધત્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તપાસ પધ્ધતિ :–

આ અભ્યાસ માટેની જરૂરી માહિતી મેળવવા માટે ગ્રંથાલય પધ્ધતિ, વ્યૈકિતક મુલાકાત, સંસ્થા–સરકારી કચેરીઓના પદાધિકારોઓ તથા સ્ટાફના અન્ય કર્મચારીઓ સાથે ચર્ચા કરી માહિતીનું આદાન–પ્રદાન અને મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

ગ્રંથાલય પધ્ધત્તિ :–

અભ્યાસ માટે ગ્રંથાલયમાંથી આ વિષયને લગતા પુસ્તકો, અહેવાલો, થીસીસ, ડિઝર્ટેશન, સામાયિકો, સેન્સસ બુકનો ઉપયોગ કર્યો હતો તેમજ ઈન્ટરનેટ દ્વારા પણ કેટલીક માહિતીઓ મેળવામાં આવી હતી.

આ ઉપરાંત અભ્યાસ માટે મહત્વની અને જરૂરી માહિતી યોજનાની માર્ગદર્શિકા, યોજનાની કામગીરી અંગેના ડેટા તેમજ માસિક પ્રગતિ અહેવાલ તેમજ ગુજરાત અને ભારત સરકારના વાર્ષિક અહેવાલ વિગેરે માહિતી જે તે કચેરીની ફાઈલો અને રેકર્ડમાંથી મેળવવામાં આવી.

માહિતી એકત્ર કરવાની પધ્ધતિ :–

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકઠી કરવાના હેતું અકેથી વધારે હોવાથી સામાજીક સંશોધનની વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે.

<u>પ્રાથમિક સ્ત્રોત</u> :–

૧) પ્રશ્નાવલી પધ્ધતિઃ–

પ્રસ્તુત અભ્યાસ હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા માટે મુલાકાત અનુસૂચિનો ઉપયોગ કરેલ છે. જેમાં જુથના સભ્યોની વ્યકિતગત માહિતી, જુથ અંગેની માહિતી તેમજ સખીમંડળ યોજનાની જાણકારી તેમજ તેના દ્વારા મળેલ લાભ, યોજનાના આયોજન અને અમલીકરણમાં તેમની ભાગીદારી અને જુથમાં જોડાયા બાદ તેમના આર્થિક અને સામાજિક વિકાસની માહિતીનો સમાવેશ કરેલ છે. આ ઉપરાંત અભ્યાસ માટે જરૂર પડી ત્યાં અવલોકન પધ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે.

અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા મુલાકાત અનુસૂચિ તૈયાર કરી તેનું ક્ષેત્રિય ચકાસણી માટે ૪–૫ ગામોમાં કુલ ૧૦ લાભાર્થીઓની પાસેથી માહિતી મેળવી હતી. ત્યારબાદ તેમાં જરૂરી સુધારા વધારા કરવામાં આવ્યા હતા. જે દરમ્યાન જરૂરી માહિતી મેળવવા કેટલાક પ્રશ્નો ઉમેરવામાં આવ્યા તેમજ કેટલીક જગ્યાએ પ્રશ્નોનું સ્વરૂપ બદલવામાં આવ્યું તો કેટલીક જગ્યાએ ઉત્તરદાતાને જવાબના વિકલ્પો આપવામાં આવ્યા. આમ, જરૂરી સુધારા–વધારા કરી માહિતી એકત્ર કરવા માટે વિસ્તૃત પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી જેના દ્વારા ઉત્તરદાતા પાસેથી માહિતી એકત્ર કરવામાં આવેલ છે. પ્રશ્નો તૈયાર કરતી વખતે ભાષાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. પ્રશ્નાવલી સરળ ગુજરાતી ભાષામાં બનાવવામાં આવી છે. જેથી કરીને ઉત્તરદાતાઓ પ્રશ્નોને સરળતાથી સમજી શકે અને તે અંગે સચોટ માહિતી પ્રાપ્ત કરી શકાય અને જવાબ આપતા ઉત્તરદાતાઓને મુશ્કેલી ન પડે અમુક ઉત્તરદાતાઓ કે જેને પ્રશ્ન સમજવામાં થોડી તકલીફ જણાતી હતી તેમની મદદ માટે પૂરક પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

ઉત્તરદાતાને પોતાનો પરિચય આપી કયા હેતુથી આવી છું તેમજ પોતાનો પરિચય આપી ઉત્તરદાતા સાથે પરસ્પર વિશ્વાસનો સંબંધ પ્રસ્થાપિત કર્યો બાદ ઉત્તરદાતાના અનુકુળ સમયે તેની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી છે. એક પ્રશ્નાવલી ભરતા ૩૦–૪૦ મિનીટનો સમય લાગ્યો હતો.

૨) જૂથ ચર્ચા (ફોકસ ગ્રુપ ડિસકશન (FGD)):–

પ્રસ્તુત અભ્યાસ હેઠળ અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી માહિતી એકત્ર કરવા ફોકસ ગ્રુપ ડિસકશન પધ્ધત્તિનો ઉપયોગ કરવામાં કરવામાં આવેલ હતો જેથી, સફળ જૂથોની તેમજ પ્રમાણમાં ઓછા સફળ જૂથોની સફળતા તેમજ નિષ્ફળતાના કારણો, મુશ્કેલીઓ તેમજ આ મુશ્કેલીઓને દૂર કરવા અંગે કયા પગલા લઈ શકાય વિગેરે બાબતો જાણી શકાય.

અભ્યાસ હેઠળ પસદ કરેલ જૂથોના ૧૦% જૂથોના (૧૬ સ્વસહાય જૂથો) તમામ સભ્યો સાથે જૂથ ચર્ચા કરવામાં આવી હતી. જે અન્વયે પ્રતિ તાલુકા ૪(ચાર) જે પૈકી ૨(બે) સફળ જૂથો અને ૨(બે) પ્રમાણમાં ઓછા સફળ જૂથોની પસંદગી કરવામાં આવી હતી. તમામ જૂથોના તમામ સભ્યો સાથે ચર્ચા કરી જૂથ રચનાથી જૂથની સફળતા સુધી કેવી રીતે પહોચ્યા, કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડયો? તેમજ જૂથોની સફળતા કે નિષ્ફળતા માટે જવાબદાર કારણો અંગેની માહિતી મેળવવામાં આવી હતી તેમજ જૂથમાં જોડાયા બાદ તેમના જીવનમાં શું પરિવર્તન આવ્યું છે અને જૂથને સફળતા સુધી લઈ જવા અગે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ વિગેરે બાબતોની વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી.

૨) કેસ સ્ટડી :–

પ્રશ્નાવલી, ફોકસ ગ્રુપ ડિસકશન ઉપરાંત પ્રતિ તાલુકા એક જૂથ આમ, કુલ ૪(ચાર) જિલ્લાના સૌથી વધુ સફળ એવા જૂથોની કેસ સ્ટડી કરવામાં આવેલ હતી. જે અન્વયે જૂથમાં જોડાવા પહેલાની બહેનોની સ્થિતિ ત્યારબાદ જૂથમાં કેવી રીતે જૂથમાં જોડાયા અને જૂથમાં જોડાયા બાદ તેમના જીવનમાં પરિવર્તન તેમજ જૂથમાં જોડાવાથી તેમને થયેલ આર્થિક, સામાજિક અને રાજકીય લાભો વિગેરે બાબતોની માહિતી એકત્ર કરવામાં આવેલ હતી.

દ્વિતીય સ્ત્રોત :–

જુથની પસંદગી માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાંથી જુથો,બહેનોના જુથો,આર્થિક પ્રવૃત્તિ કરતા જુથો વિગેરેની યોજનાવાર તેમજ તાલુકાવાર માહિતી મેળવામાં આવી હતી. આ ઉપરાંત સુરત જિલ્લામાં કામ કરતી સંસ્થાઓ તેમજ તેમના દ્વારા રચાયેલ સ્વસહાય જૂથોની સંસ્થાવાર માહિતી એકત્ર કરવામાં આવી હતી. આમ, જૂથની લગતી તમામ માહિતી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તાલુકા પંચાયત કચેરી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓના માસિક પ્રગતિ અહેવાલ તેમજ અન્ય રિપોર્ટ પરથી મેળવવામાં આવી હતી. વધુમાં જુથની કુલ બચતો, જુથોને આપવામાં આવેલ તાલીમો, આંતરિક ધિરાણ, જુથની આર્થિક પ્રવૃત્તિઓ તેમજ તેની આવક વગેરે માહિતી જુથના સભ્યો પાસેથી તેમજ જુથના રજિસ્ટરો દ્વારા મેળવવામાં આવી.

માહિતીનું વિશ્લેષણ

અભ્યાસના હેતુઓને અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને સ્વૈચ્છિક સંસ્થાના કાર્યાલયના ઓફિશ્યલ રેકર્ડ, ફાઈલો અને રજીસ્ટરોમાંથી વિગતો એકઠી કરવામાં આવી તથા લાભાન્વિત લાભાર્થી બહેનો પાસેથી મુલાકાત અનુસૂચિ દ્વારા એકત્ર કરેલ માહિતીનું કોડીંગ કરી કોમ્પ્યુટરમાં કોડસીટમાં માહિતીનું પંચીગ કરવામાં આવ્યું. આ માહિતીને સોફટવેર પેકેજમાં દાખલ કરવામાં આવી અને તેનું આ સ્પેશ્યલ સોફટવેરમાં વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું. અભ્યાસ દરમ્યાન વિવિધ પધ્ધત્તિ દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીનું બે અલગ પધ્ધત્તિ દ્વારા વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૧. પરિમાણાત્મક પધ્ધત્તિ :– અભ્યાસ દ્વારા માહિતીની ટકાવારી, આવૃત્તિ વિતરણ, ક્રોસટેબલ, પરિકલ્પના પરિક્ષણ માટે કાઈ વર્ગ પધ્ધત્તિ તેમજ સહ સંબંધ અને નિયત સંબંધ વિગેરે દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

૨. ગુણાત્મક પધ્ધત્તિ :– અભ્યાસ દ્વારા પ્રાપ્ત માહિતીનું કન્ટેન્ટ બેઈઝ એનાલીસીસ, કેસ સ્ટડી વિગેરે પધ્ધત્તિ દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

અહેવાલ લેખનની પધ્ધતિ :–

આ અભ્યાસ પૂર્ણ રીતે વર્ણનાત્મક રીતે બનાવેલો હોવાથી તેને વધુ રસપ્રદ બનાવવાના હેતુથી તેને જુદા જુદા પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવશે. આ બધા પ્રકરણોમાં તેને લગતા વિષયની સંક્ષિપ્ત માહિતી આપવામાં આવશે બધા પ્રકરણોમાં ઉપપ્રકરણો રહેશે જયાં જરૂર લાગે ત્યાં કોષ્ટક અને આલેખ દર્શાવવામાં આવશે.

પ્રકરણ વ્યવસ્થા

પ્રસ્તુત અભ્યાસની માહિતી ને અનુરૂપતા પ્રમાણેના ૬ પ્રકરણોમાં વિભાજીત કરવામાં આવેલ છે.

૧.	પ્રકરણ – ૧	પ્રસ્તાવના
૨.	પ્રકરણ – ૨	સંબધિત સાહિત્યની સમીક્ષા
૩.	પ્રકરણ – ૩	મહિલા વિકાસ અને મહિલા વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રયત્નો
૪.	પ્રકરણ – ૪	માહિતીનું વિશ્લેષણ
૫.	પ્રકરણ – ૫	કેસ સ્ટડી
૬.	પ્રકરણ – ૬	ઉપસંહાર, તારણો અને ભલામણો
		સંર્દભ સૂચિ

અગત્યના તારણો

"સુરત જિલ્લામાં મહિલાઓના સામાજિક અને આર્થિક વિકાસમાં સ્વસહાય જૂથોનો ફાળો" એટલે કે, સ્વસહાય જુથોની મહિલાઓના આર્થિક – સામાજિકમાં વિકાસ ઉપર થયેલ અસરના અભ્યાસ માટે જિલ્લાના ચાર આદિવાસી વસ્તી ધરાવતા તાલુકામાંથી સખીમંડળ યોજના અંતર્ગત રચાયેલ ૧૦૨ સ્વસહાય જૂથો અને સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ ૫૨ સ્વસહાય જૂથો આમ, કુલ ૧૫૪ જૂથોના કુલ ૩૦૮ લાભાર્થી મહિલાઓ પાસેથી મેળવેલ માહિતીનો ટૂંકસાર નીચે મુજબ છે.

૧. જુથના સભ્યોની સામાજીક–આર્થિક સ્થિતિ અંગેની માહિતીઃ–

૧. સ્વસહાય જુથોના સભ્યો પૈકી લગભગ ૯૫% થી વધુ લાભાર્થીઓ **અનુસુચિત જનજાતિની** વિવિધ જાતિઓ જેવી કે, ગામીત, વસાવા, ચૌધરી, ઢોડીયા પટેલ, હળપતિ તેમજ કોટવાડીયા જાતિના છે. જે પૈકી ચૌધરી, ગામીત અને વસાવા જ્ઞાતિની વસ્તી વધુ પ્રભુત્વ જોવા મળેલ છે.

૨. તેઓ પૈકીના લગભગ ૬૦% થી વધુ લાભાર્થી બહેનો **સંયુકત કુટુંબોમાં** રહે છે.

૩. લાભાર્થી બહેનો પૈકીની લગભગ ૬૦% થી વધુ બહેનો ૩૫ થી ૫૦ વર્ષની **વય જુથની** છે.

૪. શૈક્ષણિક સ્તર જોતાં ૬૫% થી વધુ બહેનો શિક્ષિત છે.

૫. લાભાર્થી બહેનોના વૈવાહિક દરજજો જોતાં માલુમ પડેલ છે કે, કુલ લાભાર્થી પૈકી લગભગ ૯૦% વધુ લાભાર્થી બહેનો પરણિત છે.

૬. કુલ બહેનો પૈકી ૧૦૦% બહેનો લાભાર્થી બહેનો ઘરકામ સાથે તો જોડાયેલ છે પરંતું સાથોસાથ લગભગ ૭૦ થી ૮૦% થી વધુ બહેનો ખેતી/ખેત મજૂરી કે પશુપાલન સાથે જોડાયેલ છે એટલે કે, મુખ્યત્વે બહેનો ખેતી, પશુપાલન અને ખેતમજુરી સાથે જોડાયેલ છે.

૭. વધુમાં **બહેનોની વાર્ષિક આવક** જોતાં કુલ લાભાર્થી બહેનો પૈકી મોટાભાગની બહેનોની વાર્ષિક આવક ખૂબ જ ઓછી છે તેમજ તેમના કુટુંબના ભરણપોષણ તેમજ અન્ય ખર્ચને પહોચી વળવા જુથમાં જોડાયેલ છે જેથી, તેના દ્વારા નિયમિત બચત કરી જરૂરિયાતના સમયે ઓછા વ્યાજે ધિરાણ મળી રહે તેમજ જુથની આર્થિક પ્રવૃત્તિ દ્વારા આવક પ્રાપ્ત કરી શકાય.

૮. સ્વસહાય જુથોના બહેનો પૈકી મોટાભાગની બહેનો અનુસુચિત જનજાતિની છે તેમજ તેમના પતિ/પિતાનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેત મજુરી છે. બહુ ઓછા સભ્યોના પતિ/પિતા નોકરી કે અન્ય વ્યવસાય સાથે જોડાયેલ છે. કુલ લાભાર્થી પૈકી ૮૪%ના પતિ/પિતાના વ્યવસાય એવા છે કે જેમાં આવકની નિયમિતતા નથી જેથી કેટલાક સંજોગોમાં આ બહેનોને કોઈક ને કોઈક વ્યવસાય સાથે જોડાવવું ફરજિયાત બની જાય છે અને તેથી જ અહી મોટાભાગની બહેનો કોઈક ને કોઈક વ્યવસાય સાથે જોડાયેલી છે. પરંતુ તેમની આવક ખૂબ જ ઓછી જોવા મળેલ છે.

૨. જુથ રચના અંગેની સામાન્ય માહિતીઃ–

૧. સખીમંડળ યોજના અંતર્ગત રચાયેલ જુથો પૈકી મોટાભાગના જુથો લગભગ ૮૦% થી વધુ **સખીમંડળોની રચના** આંગણવાડી વર્કરો દ્વારા કરવામાં આવેલ છે અને તે સિવાયના જૂથોની રચના શોશ્યલ વર્કર, ગ્રામસેવકો તેમજ જૂથના જ સભ્યો દ્વારા કરવામાં આવેલ છે. તેમજ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રચાયેલ તમામ જૂથોની રચના સંસ્થાના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલ છે.

૨. સખીમંડળ યોજનાની માર્ગદર્શિકામાં જણાવ્યા અનુસાર જૂથમાં જોડાનાર તમામ બહેનો બીપીએલ હોય એ ફરજિયાત ન હોવાથી ૩૦ થી ૪૦% થી પણ ઓછા **બીપીએલ** લાભાર્થી બહેનોનો સખીમંડળોમાં સમાવેશ થયેલ જોવા મળેલ છે તેમજ સંસ્થા દ્વારા રચાયેલ જૂથોમાં પણ બીપીએલ બહેનોનો સમાવેશ પ્રમાણમાં ઓછો થયેલ જોવા મળેલ છે. ટૂંકમાં, આ જૂથો બીપીએલ કે એપીએલના માપદંડ મુજબ રચાયેલ નથી.

૩. વધુમાં સખીમંડળોનો જ સંસ્થાના જૂથોમાં સમાવેશ થયેલ હોય તેવું પણ ધ્યાનમાં આવેલ છે તેમજ એક જ સભ્ય એક થી વધુ જૂથમાં કે એક જ જૂથ સંસ્થામાં તેમજ સખીમંડળ બન્નેમાં જોવા મળેલ છે. જુથમાં જોડાયા બાદ નિયમિત બચત કરવી પડશે, નિયમિત મિટીંગ કરવી પડશે તેમજ જુથના ગ્રેડિગ થયા બાદ લોન મળશે. આમ, આંગણવાડી વર્કર કોઈ ખોટા પ્રલોભનો આપવામાં આવેલ નથી. અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથો પૈકી ઘણા જુથોમાં વિવિધ કારણોસર જેવા કે, જુથોમાં આંતરિક ઝઘડા, જુથો સ્થળાંતરના કારણે, અનિયમિત બચત અને બચત કરી શકે તેમ ન હોવાથી જુથમાંથી **સભ્યોની સંખ્યામાં ઘટાડો** જોવા મળેલ છે.

૪. વધુમાં જુથ રચના બાદ જુથની તમામ કામગીરી એટલે કે, અસરકારક સંચાલન માટે સખીમંડળ યોજના અંર્તગત સંસ્થા/શોશ્યલ વર્કર દ્વારા તેમજ સ્વૈચ્છિક સંસ્થામાં સંસ્થાના કર્મચારી દ્વારા ગ્રામ્ય કક્ષાએ ૧ થી ૩ દિવસની **તાલીમ** આપવામાં આવેલ હતી. આ તાલીમ મેળવવા તેઓને કોઈ ખર્ચ થયેલ નથી.

૩. મહિલા સ્વાશ્રય જુથોના બચતની વિગતઃ–

૧. કુલ જુથોના સભ્યોના લગભગ ૬૦% થી વધુ સભ્યો **નિયમિત બતત** કરે છે. આ જુથોમાંથી લભગભ ૬૦% થી વધુ જુથો **માસિક રૂા.૧૦૦ તેમજ અન્ય જૂથો રૂા.૫૦** બચત કરે છે. લગભગ તમામ જુથોમાં સભ્યદીઠ જમા કરવાની માસિક બચતની રકમ જુથના સભ્યો દ્વારા નકકી કરવામાં આવેલ છે.

૨. ૮૦% થી વધુ જૂથોમાં **બચતની રકમ મિટીંગમાં જ એકત્ર** કરવામાં આવે છે તે સિવાયના જૂથોમાં બચત પ્રમુખ–મંત્રીના ઘરે સભ્યો આપી જાય છે અથવા સભ્યોના ઘરે જઈ બચતની રકમ ઉઘરાવવામાં આવે છે. **બચતની રકમ બેંકમાં જમા** કરાવવામાં આવે છે તેવું લગભગ તમામ સભ્યોને જાણે છે. મોટાભાગના જુથોમાં સભ્યો દ્વારા કરવામાં આવેલ માસિક બચતની રકમ જુથના

પ્રમુખ/મંત્રી દ્વારા જુથની મિટીંગમાં એકત્રિત કરી તેમજ બેંકમાં જમા કરાવે છે જયારે, યોજનાની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ ખૂબ જ ઓછા જૂથોમાં એવું જોવા મળેલ છે કે, બેંકમાં બચત જમા કરાવવા જૂથના અન્ય સભ્યો જતા હોય. ટૂંકમાં આજે પણ મોટાભાગેના જૂથોમાં **બેંક સાથેના વ્યવહારો પ્રમુખ–મંત્રી દ્વારા** જ કરવામાં આવે છે. જૂથના લગભગ તમામ સભ્યોએ બાબતથી માહિતગાર છે કે, તેમની બચતની રકમ બેંકમાં જૂથના નામે જમા થાય છે.

અભ્યાસ હેઠળ પસંદ કરવામાં આવેલ જુથો પૈકી મોટાભાગના જુથના સભ્યોને જુથમાં જોડાયા બાદ બચત કરવાની ટેવ પડી છે તેમજ તેઓ નિયમિત બચત કરતા થયા છે. નિયમિત બચતથી અનેક લાભો થયેલ છે જેવા કે, જરૂરીયાતના સમયે પૈસા મળી રહે, ઉંચા વ્યાજે પૈસા ન લેવા પડે, બાળકો પાછળ વધુ ખર્ચ કરી શકાય, આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવેલ છે તેમજ તેમનું જીવનધોરણ ઉંચું આવેલ છે. આ જુથોની બચતનો ઉપયોગ આંતરિક ધિરાણ અને આર્થિક પ્રવૃત્તિ માટે કરવામાં આવે છે.

અભ્યાસ હેઠળના પસંદ કરવામાં આવેલ જુથો **કુલ જમા થયેલ બચત** રૂા.૫૦૦ થી રૂા.૧,૦૦,૦૦૦ છે જયારે ૫ થી ૭% જુથોના સભ્યોએ આ અંગે કોઈ જવાબ આપેલ નથી જેના આધારે કહી શકાય કે, તેમને જુથની પ્રવૃત્તિમાં કોઈ રસ નથી અને તેઓ અન્યોના કહેવાથી જુથમાં જોડાયેલ છે.

૪. મહિલા સ્વાશ્રય જુથોની મિટીંગની વિગતઃ–

૧. અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથો પૈકી મોટાભાગના જુથોમાં **નિયમિત મિટીંગો** કરવામાં આવે છે. કેટલાક જુથોમાં એસ.એચ.જી.ના નવા નિયમો મુજબ અઠવાડિક મિટીંગ કરવામાં આવેલ છે. જયારે લગભગ ૧૦%થી પણ ઓછા જુથોમાં મિટીંગ નિયમિત કરવામાં આવતી નથી અને આવા જુથોની સફળતાની શકયતા ઘટી જતી હોય છે.

૨. લગભગ તમામ ૯૦% વધુ સભ્યોના જણાવ્યા મુજબ **મિટીંગની જાણ** અગાઉથી કરવામાં આવે છે. મોટાભાગના જુથોમાં મિટીંગની જાણકારી મિટીંગ દરમિયાન, એક દિવસ પહેલા, એક અઠવાડિયા પહેલા જાણ કરવામાં આવે છે. જુથની મિટીંગમાં લગભગ ૪૦% થી ૧૦૦% **સભ્યો હાજરી** આપે છે. કેટલાક સભ્યોને ઘરેકામ હોવાથી, બહારગામ જવાનું હોવાથી, માંદગીના કારણોસર, મજુરીકામ કે સામાજિક પ્રસંગોમાં જવાનું હોવાથી કેટલીવાર મિટીંગમાં હાજરી આપી શકતા નથી. અભ્યાસમાં આવરી લેવાયેલ જૂથોના ૮૦% થી વધુ જુથોમાં **મિટીંગનું સ્થળ** સભ્યોના જણાવ્યા મુજબ નકકી કરવામાં આવે છે. જુથની મિટીંગો પ્રમુખના ઘરે, મંત્રીના ઘરે, કોમ્યુનિટી હોલમાં, શાળાના મકાનમાં અને જુથના સભ્યોના ઘરે કરવામાં આવે છે. આ મિટીંગ અડધો કલાક થી એક કલાક કે તેથી વધુ **સમય** સુધી ચાલતી હોય છે. આ મિટીંગમાં જુથ બચત ધિરાણ, ગામની સમસ્યા, આર્થિક પ્રવૃત્તિ અને જુથની અંગત સમસ્યાઓ અંગે **ચર્ચા** કરવામાં આવે છે. મોટાભાગના જુથોની મિટીંગની

કાર્યવાહી નોધ અને ઠરાવ જુથના પ્રમુખ અને મંત્રી દ્વારા લખવામાં આવે છે તેમજ જુથના રજીસ્ટરો જુથના પ્રમુખ અને મંત્રી પાસે રાખવામાં આવે છે.

૫. મહિલા સ્વાશ્રય જુથોની આંતરિક ધિરાણની વિગતઃ–

૧. અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથો પૈકીના બધા જ જુથો **બચત ભંડોળનો ઉપયોગ** આંતરિક ધિરાણ માટે કરે છે. જુથોમાં ધિરાણ વિવિધ **હેતુઓ** જેવા કે, આરોગ્ય, શિક્ષણ, ખેતી, સામાજિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૨. મોટાભાગના જુથોમાં **ધિરાણ કોને આપવું** તે જુથના સભ્યો દ્વારા નકકી કરવામાં આવેલ છે. આ જુથોમાં ધિરાણ સભ્યોની બચત અને તેઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે.

૩. **ઓછામાં ઓછું રૂા. ૫૦૦/– અને વધુમાં વધુ રૂા.૧૦,૦૦૦** સુધીનું ધિરાણ આપવામાં આવેલ છે. કેટલાક સંજોગોમાં જરૂરિયાત અને હેતુંને ધ્યાનમાં રાખી બધા જ સભ્યોની સંમતિ હોય તો તેથી વધુ ધિરાણ પણ આપવામાં આવે છે. આ **ધિરાણ આપવા અંગે કેટલાક માપદંડો** નકકી કરવામાં આવેલ છે જેમાં બચત, જરૂરિયાત, હેતું અને ધિરાણ પરત કરવાની ક્ષમતાને ધ્યાનમાં રાખવામાં આવે છે.

૪. ૨% થી ૫% સુધીનું **વ્યાજ** લેવામાં આવે છે. મોટાભાગના જુથોમાં વ્યાજનો દર જુથના સભ્યો દ્વારા નકકી કરવામાં આવેલ છે.

૫. જુથના કુલ સભ્યો પૈકી લગભગ ૮૦% થી વધુ સભ્યોએ ધિરાણ લીધું છે. આ ધિરાણ સભ્યોએ વિવિધ હેતુઓ જેવા કે ખેતી, પશુપાલન, સામાજિક પ્રસંગો, આરોગ્ય અને શિક્ષણ તથા ઘરખર્ચ માટે લીધું છે.

૬. કુલ સભ્યો પૈકી મોટાભાગના સભ્યોને ધિરાણ પૂરતું લાગેલ છે કેટલાક સભ્યોના જણાવ્યા અનુસાર તેમને કેટલીકવાર પૂરતા પ્રમાણમાં ધિરાણ મળતું નથી જેના આધારે કહી શકાય કે, જુથના બચત ભંડોળમાંથી જુથના સભ્યોને **અપાતું ધિરાણ પૂરતું નથી.** મોટાભાગના જુથના સભ્યોને આપવામાં ઓવલ ધિરાણ જે હેતું માટે આપવામાં આવે છે તે જ હેતુ માટે વપરાય છે.

૭. માત્ર ૧૦% સભ્યોના જણાવ્યા મુજબ આ અંગે **દંડ** પણ લેવામાં આવે છે.

૮. મોટાભાગના તમામ જુથોમાં આંતરિક ધિરાણની **લેવડ–દેવડની નોંધ** રજીસ્ટરમાં પ્રમુખ અને મંત્રી કરવામાં આવે છે.

૯. મોટાભાગના જુથોમાં **ધિરાણની પુનઃવસુલાત** સમયસર કરવામાં આવે છે અને સમયસર ધિરાણ પરત ન કરતા ૧૦ થી ૨૦% જુથોમાં **દંડ** પણ લેવામાં આવે છે. આ ધિરાણ **૩ થી ૧૫ માસ** માટે આપવામાં આવેલ છે.

૬. મહિલા સ્વાશ્રય જુથોની તાલીમ :–

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથો પૈકી મોટાભાગના લગભગ ૭૦%થી વધુ જૂથોને **જૂથ સંચાલનની તાલીમ** આપવામાં આવેલ છે. તેમજ ૬૦%થી વધુ જૂથોને **કૌશલ્યવર્ધન તાલીમ** આપવામાં આવેલ છે.

આમ, યોજનાની માર્ગદર્શિકામાં જણાવ્યા મુજબ મોટાભાગના જુથોને જુથની આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા તાલીમ આપવામાં આવી છે. પરંતુ સ્વરોજગારી માટે ન્યુનતમ કૌશલ્ય મળી રહે અને સભ્યો આ કૌશલ્ય દ્વારા આવક મેળવી શકે તે **હેતુ પરિપૂર્ણ થયેલ જણાતો નથી.**

૭. મહિલા સ્વાશ્રય જુથોના ગ્રેડિંગ અને રિવોલ્વીંગ ફંડની વિગતઃ–

અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથોની **ગ્રેડીંગ અને રિવોલ્વીંગ ફંડ**ની વિગત જોતાં, અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથો ૩ વર્ષ થી ૭ વર્ષ જુના હોવા છતાં કુલ જુથો પૈકી લગભગ ૮૦ % જુથોનું બેંક દ્વારા ગ્રેડીંગ કરવામાં આવેલ છે. આ પૈકી ૯૦% જુથોએ ગ્રેડીંગ પાસ કર્યુ છે. કુલ ગ્રેડિંગ પાસ પૈકી લગભગ ૭૦% થી વધુ જુથોને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

૮. મહિલા સ્વાશ્રય જુથોની આર્થિક પ્રવૃત્તિઃ–

પ્રસ્તુત અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ જુથોની આર્થિક પ્રવૃત્તિની માહિતી જોતા, લગભગ બધા જ જુથો બચત અને આંતરિક ધિરાણની પ્રવૃત્તિ કરે છે. આ ઉપરાંતની પ્રવૃત્તિઓ જેવી કે, ભરતગૂંથણ, અગરબત્તી, મસાલા બનાવવા,મંડપ ડેકોરેશન સામાન ભાડે આપવું, બાજ પડિયા/પેપર ડીશ, પગ લુંછણીયા/શેતરંજી, અમુલ પાર્લર, પાપડ/પાપડી, કેન્ટીન, રાઈસ મીલ તેમજ આ ઉપરાંત અલગ અલગ કોટેજ અને રૂરલ સર્વિસને લગતી પ્રવૃતિઓ સાથે જોડાયેલ છે.

૧. પ્રવૃત્તિ દ્વારા થતી **આવક પૂરતી તેમજ નિશ્ચિત** નથી.

૨. મોટાભાગેના જૂથોમાં જૂથ આર્થિક પ્રર્વત્તિ સાથે જોડાયેલ છે પરંતુ **તમામ સભ્યો આ પ્રવૃત્તિ સાથે જોડાયેલ નથી.** વધુમાં પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત **આવક સભ્યદીઠ** ગણવામાં આવે તો આ આવક ખૂ બ જ ઓછી છે. સભ્યો સાથે થયેલ ચર્ચા મુજબ જૂથમાં જૂથ પ્રવૃત્તિ એવી હોવી જોઈએ કે, તમામ સભ્યોને કાયમી રોજગારી/બજાર કે કાયમી નિશ્ચિત અને પ્રમાણમાં સારી આવક મળી રહે તેમજ જૂથના તમામ સભ્યો એજ જ પ્રવૃત્તિ કરે એના બદલે જૂથના સભ્યો અલગ અલગ પૂર્વત્તિ કરવાની ઈચ્છા હોય તો, એક જ જૂથમાં અલગ અલગ બે થી ત્રણ પ્રવૃત્તિ કરી શકે તેવી જોગવાઈ તેમજ તે મુજબ જૂથને સહાય મળે એવી જોગવાઈ કરવી જોઈએ તેમજ તે મુજબ સહાય મળી રહે એવી પણ જોગવાઈ હોવી જોઈએ જેથી, તેમજ તમામ સભ્યોને રોજગારી તેમજ સારી આવક મળી રહે .

૩. સ્વસહાય જૂથના સભ્યો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ **જૂથની પ્રવૃત્તિની પસંદગી** એવી રીતે થવી જોઈએ કે, એ પ્રવૃત્તિ દ્વારા નિરંતર/બારેમાસ આવક મળી રહે તેમજ જરૂરી કાચોમાલ અને બજાર પણ ઉપલબ્ધ હોય. માત્ર તાલીમને મહત્વ ન આપતા એવી જ કૌશલ્યવર્ધન તાલીમો આપવી જે સ્થાનિક કક્ષાએ કરી શકાય તેમજ સારી આવક મેળવી શકાય.

૪. ઘણા જૂથોમાં એવું જોવા મળેલ છે કે, જે તે સમયે જૂથ બન્યા પછી એમને તાલીમો આપવામાં આવેલ છે પ્રર્વત્તિ પણ શરૂ કરેલ છે પરંતુ સમય જતાં અથવા તો સ્થાનિક સંસ્થા/સરકાર તરફથી મળતી સહાય બંધ થતા કે **નિયમિત મુલાકાતો નહી થતા પ્રવૃત્તિ બંધ થઈ ગયેલ જોવા મળેલ છે** એટલે કે, જૂથ **સાચા અર્થમાં સ્વનિર્ભર બનેલ નથી** તેમજ જૂથના સભ્યોને પોતે પોતાના વિકાસ કરવામાં માંગતા નથી તેમજ તેઓ આર્થિક સ્વનિર્ભરતાનું મહત્વ સમજયા નથી અને તેઓને જૂથની પ્રવૃત્તિમાં કોઈ ખાસ રસ નથી તેવું જણાઈ આવે છે.

૫. અભ્યાસ હેઠળ પસંદ કરેલ જુથો પૈકી મોટાભાગના જુથો **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંસ્થા પર નિર્ભર** છે. સરકાર/સંસ્થા દ્વારા જુથોને સ્વનિર્ભર બનાવવાના પ્રયત્નો ઓછા કર્યા હોય એવું જણાય આવે છે.

૬. સૌથી વધુ આવક પ્રાપ્ત કરતા જૂથમાં પણ જો આવકની રકમને **સભ્યદીઠ માસિક આવક** જોઈએ તો, તે માસિક રૂા.૨૦૦૦/– થી પણ ઓછી છે. જેથી, એવું કહી શકાય કે, સ્વસહાય જૂથ રચનાનો **મુખ્ય ઉદ્દેશ મહિલાઓને આર્થિક રીતે પગભર કરવાનો છે જે અહી સંપૂર્ણ રીતે સિધ્ધ થયેલ નથી.** જેથી કહી શકાય કે, જુથોએ પસંદ કરેલ પ્રવૃત્તિઓ નફાકારક નથી તેમજ પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત આવકમાં સાતત્યતા જળવાતી નથી. અભ્યાસ હેઠળના જુથો પૈકી મોટાભાગના જુથોની પ્રર્વત્તિ સિઝન આધારિત છે.

૯. ગ્રામસભા મહિલાઓની સહભાગીતા :–

અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલ લાભાર્થીઓ પૈકી ૫૦% વધુ મહિલાઓ સ્વસહાય જૂથમાં જોડાયા બાદ **ગ્રામસભામાં હાજરી** આપી છે તેમજ તેમના જણાવ્યા મુજબ ગ્રામસભામાં મહિલાઓને માન આપવામાં આવે છે અને તેમના મંતવ્યો ધ્યાને પણ લેવામાં આવે છે તેઓ ગ્રામસભાની કામગીરીમાં ભાગ લે છે.

૧૦. વ્યકિતગત આર્થિક અને સામાજિક વિકાસ અંગેની માહિતી :–

સ્વસહાય જુથમાં જોડાયા બાદ જુથના સભ્યોના વ્યકિતગત આર્થિક અને સામાજિક વિકાસ અંગેની વિગત જોતાં, જુથમાં જોડાયા બાદ **બચત કરતી થઈ છે**. આ બચત કરવાથી સભ્યોએ હવે બહારથી પૈસા વસ્તુ ગિરવે મુકી, સગાસંબધી પાસે, પડોશી પાસે ઉંચા વ્યાજના દરે ઉધાર લેવા પડતા

નથી. જુથમાં જોડાવવાથી તેઓ જુથના બચત ભંડોળમાંથી નીચા વ્યાજના દરે સરળતાથી ધિરાણ મેળવી શકે છે

તેમજ સ્વસહાય **જૂથમાં જોડાયા બાદ મહિલાઓની આવકમાં વધારો** થયેલ જોવા મળેલ છે. જેથી, બહેનોએ ઘરમાં નવા **ભૌતિક સાધનો** જેવા કે, પંખો, કબાટ, ટી.વી., ફ્રીઝ, સાયકલ, મોટરસાયકલ,, પાકુ મકાન, ખેતીના ઓજારો વિગેરે વસાવેલ છે.

વધુમાં જુથના સભ્યોની આવક વધતા તેમજ જુથમાં જોડાયા બાદ ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થતી હોવાથી **ઘરમાં તેમનો દરજ્જો** ઉંચો આવેલ છે. બહેનોને જુથો દ્વારા પ્રાપ્ત ધિરાણ દ્વારા હવે પોતાની અને **બાળકોની જરૂરિયાત** જે પહેલા પુરી કરી શકતી ન હતી તે હવે કરી શકે છે. આ ઉપરાંત બહેનોના **જીવનમાં પણ પરિવર્તન** આવેલ છે. તેમના ખોરાક, પહેરવેશ, શિક્ષણ, આરોગ્ય વિગેરેમાં પરિવર્તન આવેલ છે. જુથમાં જોડાયા બાદ બહેનોની ઘરમાં **ભુમિકા માત્ર ગૃહિણી તરીકે ન રહેતા** હવે આર્થિક ઉપાર્જન કર્તા તરીકેની થઈ છે. બહેનો પણ ઘરમાં મદદરૂપ થતી થઈ હોવાથી ઘરના નિર્ણયો અંગે હવે તેમને પુછવામાં આવે છે. આમ, જુથોમાં જોડાયા બાદ બહેનોની જાગૃતતામાં વધારો થયો છે તેઓ **ગામની મિટીંગ, અન્ય મિટીંગોમાં હાજરી** આપતી થઈ છે અને **બેંકના વ્યવહારોથી પણ વાકેફ** થઈ છે. આ ઉપરાંત મિટીંગોમાં, ઘરમાં પોતાના **વિચારો રજુ કરતી** થઈ છે.

જુથમાં જોડાયા બાદ લાભાર્થી બહેનોનો સામાજિક વિકાસ થયો છે તેમજ તેઓ પોતાના આરોગ્ય, શિક્ષણ અને પોતાના હક્કો અંગે જાગૃત થઈ છે. હવે આ બહેનો ગ્રામ્ય કક્ષાએ થતી કે અન્ય મિટીંગો, પંચાયતની મિટીંગ તેમજ ગ્રામસભામાં વિગેરેમાં ભાગ લઈ ચર્ચામાં પણ ભાગ લે છે. આ ઉપરાંત પોતાના વિચારો પણ રજુ કરતી થઈ છે. જુથમાં જોડાયા બાદ બહેનો પોતાના બાળકોને શાળાએ મોકલતી થઈ છે. કેટલીક અશિક્ષિત બહેનો પોતાની સહી કરતી થઈ છે તેમજ હવે આ બહેનો બાળકોની સમયાંતરે આરોગ્યની તપાસ કરાવતી થઈ છે. આ ઉપરાંત યોજનામાં જોડાયા બાદ બહેનો સરકાર દ્વારા અમલિત અન્ય યોજનાઓથી પણ વાકેફ થઈ છે અને જે બહેનો કયારેય બેંકમાં ગઈ નથી તેવી બહેનો હવે બેંકના વ્યવહારોથી વાકેફ થઈ છે તેમજ ઘરમાં પણ તેમનો દરજ્જો ઉંચો આવેલ છે.

આમ, અભ્યાસના હેઠળ આવરી લેવાયેલ લાભાર્થી બહેનો જેમાં પોતાની કે કુટુંબની નાની નાની જરૂરિયાતો માટે અન્ય પાસેથી ઉંચા વ્યાજે ધિરાણ લેવું પડતું નથી. જેના કારણે તેઓ હંમેશા વ્યાજના વિષચક્રમાં ફસાયેલા રહેતા હતા જયારે જુથમાં જોડાયા બાદ આ બહેનો આંતરિક ધિરાણ દ્વારા નાની રકમનું ધિરાણ મેળવી પોતાની જરૂરિયાતો નીચા વ્યાજના દરે ધિરાણ મેળવી પોતાની જરૂરિયાતો સંતોષી શકે છે પરંતુ તેઓ જુથ દ્વારા થતી આર્થિક પ્રવૃત્તિઓને કારણે આર્થિક સ્વનિર્ભર બન્યા નથી. સમગ્ર રીતે કહી શકાય કે, મહિલા સ્વસહાય જુથો દ્વારા યોજનાની માર્ગદર્શિકા અનુસારના મહદઅંશે હેતુઓ પરિપૂર્ણ કરી શકાય છે.

સંદર્ભસૂચિ

Alpa Parmar & Roshni Shah (2010), Women Empowerment through SHGs : The role of Education and Vocational Training, Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

Ashmita H. Dedania (2010), Women Empowerment In India:Milestone & Challenges in Globalised 21st century, Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

Ashok D. Gaur (2010), Empowering Women – Problems and Obsticles, Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

B. K. Thaplian & K.Rshashtri (1994), Economic Development of Rural Women, Proceeding of the Plocy Workshop, Publication-National Institute Of Rural Development-NIRD Hyderabad.

Census of India 2011, Censusindia.gov.in/2011-prov-result/paper2/data-files/ india/ Rural_Urban _ 2011.pdf

Census of India 2011, Censusindia.gov.in/2011-prov-results/indiaatglance.html? drpQuick= &drpQuickSelect=ꖻ/=total+population

દવે હર્ષિદા (૧૯૯૯) આદિવાસી જીવનધોરણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગાંધીનગર.

ગીન્ની શ્રીવાસ્તવ, ગરીબ ગ્રામીણ મહિલાઓને સંગઠિત કરવી, યુનિસેફ.

Gadhwani Draupadi, Shindhi Hema & Shah Bijal (2010), Role of Women in Economic Policies and Programmes: Post Independences. Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

ઈન્દુકુમાર જાની, નયા માર્ગ (વંચીતોના વાણોતર), પાના નંબર –૭,૯ અને ૧૭, ૦૧/૦૮/૨૦૦૦

Jain L (2010). An Impact Assessment of SHG Initiative and Capacity Building of Stakeholders through Micro Finance towards Women Empowerment in Rural India. Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

Jugal Kishor Misra (2006), Empowerment of Women in India, The Indian Journal of Political Science, Vol.IXVII No.4, 867-878.

K. Kaladhar (1997), Microfinance in India : Design, Structure and Governance, Economic and Political Weekly, Vol 32, No.42, 2687-2706.

K.Kalpana, Special Articles, Shifting Trajectories in Microfinance Discover Economic & Political Weekly, Dec-17,2005.

NABARD, Credit- Self Help Group, Bank Linkage Programme, Banker's Hand Book, Publication- NABARD-Delhi.

Parmar Anjali Daud & Parmar Arpita Daud (2010), Women and Self Help Group, Paper Present in UGC Sponsored one-day state level seminar- Anand Commerce Collage-Anand, 21/10/2010.

વાડીઆ મયુરી(૨૦૦૯), વોટરશેડ (સ્વસહાય જુથ) દ્વારા મહિલાઓના આર્થિક –સામાજિક વિકાસ પર થયેલ અસરનો અભ્યાસ, એમ.ફિલ. લઘુશોધ નિંબધ (અપ્રકાશિત), વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

Websites

www.GSWAN.in, Monthly Progress Report, http: //ruraldev.gujarat.gov.in/pdf/stasticData/ summary. november2011.pdf

www.GSWAN.in, Monthly Progress Report, http: // ruraldev.gujarat.gov.in/pdf/ stasticData/ sgsy. november2011.pdf

www.GSWAN.in, Monthly Progress Report, http://ruraldev.gujarat.gov.in/pdf/ stasticData/ missionManglam. november2011.pdf

એસ. શ્રીનિવાસા રાવ
કન્વીનર (ડી.આર.એસ.સી) (અર્થશાસ્ત્ર)
પ્રોફેસર અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુર્નિવર્સિટી
સુરત

ગૌરાંગ રામી
પ્રોફેસર અને માર્ગદર્શક,અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુર્નિવર્સિટી
સુરત

મયુરી જે. વાડીઆ
સંશોધન કર્તા

તારીખ :– ૧૯/૦૪/૨૦૧૪